dailyhunt સંજોગ ન્યૂઝ

અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યૂઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યૂઝને ફોલો કરો.

https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-7 | Issue-330 | AD-2024, Bhadarva Sud-02 | Wednesday, Dt.04-09-2024 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### મમતા બેનર્જી સરકારે બિલને વિધાનસભામાં રજૂ કરતા વિપક્ષી પાર્ટી ભાજપે પણ સમર્થન આપ્યુ

# પ.બંગાળમાં બળાત્કાર વિરોધી બિલ પાસ : દોષિતોને ફાંસીની સજા થશે

**બળાત્કાર પીડિતાનું મૃત્યુ થાય કે બેભાન થઈ જાય તો પણ મૃત્યુદંડની જોગવાઈ**

(એ.આર.એલ),કોલકાતા,તા.૦૩

પશ્ચિમ બંગાળમાં મમતા બેનર્જી સરકારે આજે વિધાનસભામાં બળાત્કાર વિરોધી બિલ રજૂ કર્યું હતું. આ બિલના ડ્રાફ્ટમાં બળાત્કાર પીડિતાનું મૃત્યુ થાય અથવા બેભાન થઈ જાય તો આવા ગુનેગારો માટે મૃત્યુદંડની જોગવાઈનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો. વિધાનસભામાં વિપક્ષી પાર્ટી ભાજપે પણ મમતા સરકારના આ બિલને સમર્થન આપ્યું છે. આ સિવાય ડ્રાફ્ટમાં દરખાસ્ત કરવામાં આવી છે કે રેપ અને ગેંગરેપના દોષિતોને આજીવન કેદની સજા આપવામાં આવે. પશ્ચિમ બંગાળ વિધાનસભાએ વિપક્ષના સંપૂર્ણ સમર્થન સાથે રાજ્યનું બળાત્કાર વિરોધી બિલ સર્વસંમતિથી પસાર કર્યું.

પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનર્જીએ વિધાનસભામાં કહ્યું, "૪૩ વર્ષ પહેલા ૧૯૮૧માં આ દિવસે, યુનાઈટેડ નેશન્સે મહિલાઓના અધિકારોનું રક્ષણ કરવા માટે 'મહિલાઓ સામે તમામ પ્રકારના ભેદભાવ દૂર કરવાના સંમેલન' પર એક સમિતિની રચના કરી હતી. હું દરેકને અભિનંદન આપું છું, નાગરિક સમાજથી લઈને વિદ્યાર્થીઓ સુધી, જેઓ મહિલાઓની સુરક્ષા માટે પોતાનો અવાજ ઉઠાવી રહ્યા છે." સીએમ મમતા બેનર્જીએ વધુમાં કહ્યું કે, "ડૉક્ટરનું મૃત્યુ ૯ ઑગસ્ટના રોજ થયું હતું. મેં મૃત ડૉક્ટરના માતા-પિતા સાથે તે જ દિવસે વાત કરી હતી જે દિવસે ઘટના બની હતી. તેમના ઘરે જતા પહેલા તમામ ઑડિયો, વીડિયો, સીસીટીવી ફૂટેજ તેમને આપવામાં આવ્યા હતા. તેથી તેઓ બધું જ જાણી શકે છે, મેં તેમને સ્પષ્ટ કહ્યું કે મને રવિવાર સુધીનો સમય આપો, જો અમે બધાની ધરપકડ ન કરી શકીએ તો હું ૧૨ કલાકમાં સીબીઆઈને સોંપી દઈશ અને મેં પોલીસને કહ્યું કે ફાસ્ટ ટ્રેક કોર્ટમાં જઈને અરજી કરો મૃત્યુદંડની સજા માટે, પરંતુ હવે અમે સીબીઆઈ પાસેથી ન્યાયની માંગ કરી રહ્યા છીએ.

મમતા બેનર્જીએ વધુમાં કહ્યું કે, 'મેં વડાપ્રધાનને બે પત્ર લખ્યા હતા, પરંતુ મને તેમના તરફથી કોઈ જવાબ મળ્યો ન હતો, ઉલટાનું મને મહિલા અને બાળ વિકાસ મંત્રી તરફથી જવાબ મળ્યો હતો, પરંતુ મેં પણ તેમના જવાબનો જવાબ આપ્યો હતો અને માહિતી આપી હતી. જ્યુડિશિયલ કોડ બિલને ચૂંટણી પહેલા ઉતાવળમાં પસાર કરવામાં આવ્યું ત્યારે મેં કહ્યું હતું કે રાજ્યોની સલાહ લીધા વિના તેને ઉતાવળમાં પસાર કરવું જોઈએ નહીં. મેં ઘણી વખત વિરોધ કર્યો હતો કે આ અંગે રાજ્યો તરફથી કોઈ સલાહ લેવામાં આવી નથી, રાજ્યસભા, વિપક્ષ અને તમામ પક્ષો સાથે ચર્ચા કરીને તેને પસાર કરવામાં આવે, પરંતુ તેમ કરવામાં આવ્યું ન હતું. એટલા માટે આજે અમે આ (બિલ) લાવી રહ્યા છીએ. તમને યાદ છે, તમે જે રીતે મારું અપમાન કર્યું છે તેવું અમે ક્યારેય વડાપ્રધાનનું અપમાન કર્યું નથી.





આ બિલ કાયદો બન્યા બાદ તેને આખા બંગાળમાં લાગુ કરવામાં આવશે. આ વિધેયકની અંદર મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુનાઓ અંગે ઘણા નિયમો બનાવવામાં આવ્યા છે, જેનો ઉદ્દેશ્ય રાજ્યમાં મહિલાઓ અને બાળકો વિરુદ્ધના ગુનાઓને રોકવાનો છે. આ બિલમાં ગુનેગારને મૃત્યુદંડ અને કેસની તપાસ ૩૬ દિવસમાં પૂરી કરવાની જોગવાઈ છે. અપરાજિતા મહિલા અને બાળ બિલ ૨૦૨૪ને કાયદો બનાવવા માટે રાજ્યપાલ અને રાષ્ટ્રપતિની મંજૂરીની જરૂર પડશે. વિધાનસભામાં બિલ પાસ થયા બાદ તેને રાજ્યપાલની સહી માટે મોકલવામાં આવશે. આ પછી રાષ્ટ્રપતિની મંજૂરી લેવી જરૂરી છે.

મમતા સરકારના નવા બિલમાં ભારતીય ન્યાય સંહિતાની કેટલીક કલમો એટલે કે બીએનએસમાં સુધારો કરવાનો પ્રસ્તાવ છે, જે મહિલાઓ વિરુદ્ધ ગુનાઓ માટે સજાની જોગવાઈ કરે છે. આ બિલમાં બળાત્કાર અને હત્યા કરનારા ગુનેગારોને મૃત્યુદંડની જોગવાઈ, ચાર્જશીટ દાખલ કર્યાના ૩૬ દિવસની અંદર મૃત્યુદંડની જોગવાઈ, ૨૧ દિવસમાં તપાસ પૂર્ણ કરવાની દરખાસ્ત, ગુનેગારને મદદ કરવા બદલ ૫ વર્ષની જેલની જોગવાઈ, દરેક જિલ્લામાં વિશેષ અપરાજિતા ટાસ્ક ફોર્સની રચના કરવાની જોગવાઈ છે. આ ટાસ્ક ફોર્સ બળાત્કાર, એસિડ હુમલો અને છેડતી જેવા કેસમાં કાર્યવાહી કરશે. એસિડ એટેક બળાત્કાર જેટલો જ ગંભીર છે, તેના માટે આજીવન કેદની જોગવાઈ છે. પીડિતાની ઓળખ જાહેર કરનાર સામે ૩-૫ વર્ષની સજાની જોગવાઈ છે.

તમને જણાવી દઈએ કે સીબીઆઈ કોલકાતા રેપ-મર્ડર કેસની તપાસ કરી રહી છે. કોલકાતાની આરજી કાર મેડિકલ કોલેજ અને હોસ્પિટલમાં ૮-૯ ઓગસ્ટની રાત્રે તાલીમાર્થી ડૉક્ટર પર બળાત્કાર અને હત્યા કરવામાં આવી હતી. ૯ ઓગસ્ટની સવારે આરજી કાર હોસ્પિટલના સેમિનાર હોલમાં તાલીમાર્થી મહિલા ડૉક્ટરનો મૃતદેહ અર્ધ-નગ્ન અવસ્થામાં મળી આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે ટ્રેઈની ડોક્ટરની હત્યા પહેલા બળાત્કાર કરવામાં આવ્યો હતો. પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં પુષ્ટિ થઈ છે કે ડૉક્ટરનું મૃત્યુ સવારે ૩ થી ૪ વચ્ચે થયું હતું.

## બાડમેર ઉત્તરલાઈ એરબેઝ પાસે ફાઈટર પ્લેન ક્રેશ, બે પાઈલોટનો બચાવ

**ફાઈટર પ્લેન ક્રેશની જાણ થતા અધિકારીઓ ઘટના સ્થળે દોડ્યા**



બાડમેર,તા.૦૩

બાડમેરમાં ઉત્તરલાઈ એરબેઝ પાસે ફાઈટર પ્લેન ક્રેશ થયું છે. માહિતી મળતા જ પોલીસ અને વહીવટીતંત્રના અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. ફાઈટર પ્લેનમાં ૨ પાઈલટ હતા. તે બંને ક્રેશ પહેલા બહાર નીકળી ગયા હતા. મળતી માહિતી મુજબ, સોમવારે રાત્રે લગભગ ૧૦ વાગ્યે ફાઈટર પ્લેન નિવાસી ધાનીથી દૂર ક્રેશ થયું હતું. પ્લેન ક્રેશ થયા બાદ જોરદાર વિસ્ફોટ અને આગ લાગી હતી. ઘટનાની માહિતી મળ્યા બાદ બાડમેરના કલેક્ટર નિશાંત જૈન, એસપી નરેન્દ્ર સિંહ મીણા અને જિલ્લાના વહીવટી અધિકારીઓ ઘટનાસ્થળે પહોંચ્યા હતા. સંરક્ષણ પીઆરઓ અજિતાભ શર્માએ જણાવ્યું કે મિગ-૨૯ ફાઈટર પ્લેન ક્રેશ થયું છે. એસપી નરેન્દ્ર સિંહ મીણાએ કહ્યું- કલેક્ટરને ફોન આવ્યો હતો કે કાવાસ પાસે ફાઈટર પ્લેન ક્રેશ થયું છે. બંને પાયલોટ સુરક્ષિત છે. જ્યાં દુર્ઘટના થઈ હતી તેની નજીક એક વસ્તી ધરાવતો વિસ્તાર છે. પાઈલોટ પ્લેનને વસ્તીવાળા વિસ્તારોથી દૂર ખેતરો તરફ લઈ ગયા હતા. એરફોર્સે ૪૦૦ મીટર વિસ્તાર કબજે કર્યો છે. ગ્રામીણ નીમરાજે જણાવ્યું કે અમે જમ્યા પછી ઘરની બહાર બેઠા હતા. આ દરમિયાન જોરદાર વિસ્ફોટ થયો અને ધુમાડો નીકળવા લાગ્યો. જાણે વીજળી પડી હોય એવું લાગ્યું. દરમિયાન નજીકના ધાનીમાંથી ફોન આવતા અમે અહીં પહોંચ્યા હતા. અમે અહીં જે જોયું તે એક ફાઈટર પ્લેન હતું જે આગમાં લપેટાયેલું હતું. ગામલોકોએ જણાવ્યું- એક પાયલોટે ફાઈટર પ્લેન ક્રેશ સ્થળથી માત્ર ૧ કિલોમીટર પહેલા જ છોડી દીધું હતું. બીજો પાયલોટ શહીદ હુકમ સિંહના ઘર પાસે મળી આવ્યો હતો. બંને સુરક્ષિત છે.

## છત્તીસગઢમાં સુરક્ષાકર્મીઓના હાથે ૯ નક્સલીઓ ઠાર મરાયા



**સુરક્ષાદળ અને નક્સલીઓ વચ્ચે સતત ફાયરિંગ**

રાયપુર,તા.૦૩

છત્તીસગઢના દંતેવાડા-બીજાપુર જિલ્લાની સરહદ પર મંગળવારે (૩ સપ્ટેમ્બર) નક્સલવાદીઓ સાથેની અથડામણમાં સુરક્ષા દળોએ ૯ નક્સલવાદીઓને ઠાર કર્યા છે. સવારે ૬ વાગ્યાથી સુરક્ષા દળો અને નક્સલવાદીઓ વચ્ચે ફાયરિંગ ચાલુ છે. મામલો કિરાંદુલ પોલીસ સ્ટેશન વિસ્તારનો છે. દંતેવાડા જિલ્લાના એસપી ગૌરવ રાયે ભાસ્કરને જણાવ્યું હતું કે બાતમીદાર પાસેથી માહિતી મળી હતી કે બૈલાડીલાની પહાડીઓ નીચે લોહા ગામ પુરંજેલ તરફ મોટી સંખ્યામાં નક્સલવાદીઓ હાજર છે. આ માહિતીના આધારે ડીઆરજી અને સીઆરપીએફના જવાનોને રાત્રે સર્ચ ઓપરેશન માટે મોકલવામાં આવ્યા હતા. રાયે જણાવ્યું કે જ્યારે જવાનો નક્સલવાદીઓના મુખ્ય વિસ્તારમાં પ્રવેશ્યા ત્યારે નક્સલવાદીઓએ ફાયરિંગ કર્યું હતું. જે બાદ જવાનોએ પણ જવાબી ફાયરિંગ કર્યુ હતું. આ વિસ્તારમાં સવારથી બંને તરફથી ફાયરિંગ ચાલુ રહ્યુ હતું.

### ૮ શ્રધ્ધાળુઓને ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ ખસેડાયા

## હરિયાણામાં ટ્રકે ટક્કર મારતા ૭ શ્રદ્ધાળુઓના ઘટના સ્થળે મોત

ચંડીગઢ,તા.૦૩

હરિયાણાના જીંદમાં માર્ગ પર અવાર નવાર ભયનાક મોટો અકસ્માત સર્જાતા હોય છે. ત્યારે મધ્યરાત્રિએ થયેલા આ અકસ્માતમાં સાત લોકોના મોત થયા છે, જ્યારે ૮ લોકો ગંભીર ઘાયલ થયા છે. આ ઘટના હિસાર-ચંદીગઢ નેશનલ હાઈવે પર નરવાના ગામ બિધરાના નજીક મધ્યરાત્રિએ બની હતી.

કુરુક્ષેત્રના મર્ચેડી ગામથી રાજસ્થાનના ગોગામેડી જઈ રહેલી ટાટા એસને પાછળથી આવતી ટ્રકે ટક્કર મારી હતી અને અકસ્માતમાં એક બાળક અને એક મહિલા સહિત ૭ શ્રદ્ધાળુઓના મોત થયા હતા, જ્યારે ૮ શ્રદ્ધાળુઓ ઘાયલ થયા હતા. અકસ્માતમાં ઘાયલ થયેલા અગ્રોહા મેડિકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે.




## સંપત્તિ વિશે માહિતી ન આપતાં યુપીમાં ૨.૪૫ લાખ કર્મચારીઓના પગાર પર રોક




(એ.આર.એલ),લખનૌ,તા.૦૩

ઉત્તર પ્રદેશમાં બે લાખ ૪૫ હજાર કર્મચારીઓનો પગાર રોકી દેવામાં આવ્યો છે. બે દિવસ પહેલા રાજ્ય સરકારે સરકારી સેવામાં તમામ આઈએએસ અને આઈપીએસ અધિકારીઓનો પગાર જાહેર કર્યો હતો. આ સાથે જ રાજ્યના તમામ કર્મચારીઓનો પગાર પણ રિલીઝ થવાનો હતો, પરંતુ મુખ્ય સચિવ મનોજ કુમાર સિંહના આદેશ પર માત્ર ૬ લાખ ૨ હજાર ૭૫ કર્મચારીઓનો પગાર છૂટ્યો હતો. બાકીના ૨ લાખ ૪૫ હજાર કર્મચારીઓનો પગાર અટકાવી દેવામાં આવ્યો હતો. તેની પાછળનો તર્ક એ છે કે વારંવાર વિનંતી કરવા છતાં આ કર્મચારીઓએ તેમની સંપત્તિ જાહેર કરી નથી.

આ તમામ કર્મચારીઓએ ૩૧મી ઓગસ્ટ સુધીમાં માનવ સંપદા પોર્ટલ પર તેમની સંપત્તિ જાહેર કરવાની હતી. ઉત્તર પ્રદેશમાં કુલ ૮ લાખ ૪૬ હજાર ૬૪૦ કર્મચારીઓ સરકારી સેવામાં છે. તાજેતરમાં રાજ્ય સરકારે તમામ અધિકારીઓ અને કર્મચારીઓને તેમની સંપત્તિ જાહેર કરવાનો આદેશ આપ્યો હતો. આ માટેની છેલ્લી તારીખ ૩૧મી ઓગસ્ટ નક્કી કરવામાં આવી હતી. આ અંગે તમામ કર્મચારીઓને વારંવાર ચેતવણી આપવામાં આવી હતી. આમ છતાં તમામ આઈએએસ અને આઈપીએસ અધિકારીઓ સિવાય માત્ર ૬ લાખ ૨ હજાર ૭૫ કર્મચારીઓએ તેમની સ્થાવર અને જંગમ સંપત્તિની વિગતો જાહેર કરી. બાકીના ૨ લાખ ૪૫ હજાર કર્મચારીઓએ તેમની સંપત્તિ જાહેર કરી નથી.



# અમરેલીમાં દિવ્યાંગો માટે અંત્યોદય રેશનકાર્ડની માંગ સાથે કલેકટરને રજૂઆત

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લા કલેકટર કચેરી ખાતે સામાજિક કાર્યકર ભરતભાઈ કાતરિયાની આગેવાની હેઠળ દિવ્યાંગ વ્યક્તિઓ માટે અંત્યોદય રેશનકાર્ડ જારી કરવાની માંગ સાથે રજૂઆત કરવામાં આવી હતી. આ રજૂઆત માટે દિવ્યાંગ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના વિજયસિંહ પરમાર અને ભાવનાબેન



ટાંક, તેમજ મહિલા દિવ્યાંગ દીપ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના અલ્કાબેન વસાણી અને મુનાભાઈ રાઠોડ સહિતના પ્રતિનિધિઓએ હાજરી આપી હતી. પ્રતિનિધિમંડળે કલેકટર સમક્ષ રજૂઆત કરી હતી કે દિવ્યાંગ વ્યક્તિઓને અંત્યોદય રેશનકાર્ડ આપવામાં આવે, જેથી તેમને જીવનજરૂરી ચીજવસ્તુઓ સરળતાથી અને વાજબી ભાવે મળી શકે. તેમણે માંગ કરી હતી કે આ મુદ્દાનું વહેલી તકે નિરાકરણ લાવવામાં આવે.

# બગસરા પેસેન્જર એસો.એ ડેપો મેનેજરને આપ્યું આવેદન

બગસરા,તા.૦૩

બગસરા પેસેન્જર એસોસિએશને આજે સ્થાનિક બસ ડેપોના મેનેજરને એક આવેદનપત્ર સુપરત કર્યું હતું, જેમાં ડેપો અને બસ સેવાઓને લગતી વિવિધ સમસ્યાઓ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. આવેદનપત્રમાં મુખ્યત્વે બગસરાથી રાજકોટ જતી બસોના માર્ગ અંગે ફેરફાર કરવાની માગણી કરવામાં આવી છે. હાલમાં રસ્તાનું કામ ચાલુ હોવાને કારણે ગોંડલ



બસ સ્ટેશન તરફ ૧૮ કિલોમીટરનું લાંબુ ડાયવર્ઝન આપવામાં આવ્યું છે, જેના કારણે મુસાફરોને રાજકોટ પહોંચવામાં વધુ સમય લાગે છે. આ સમસ્યાના નિવારણ માટે એસોસિએશને સૂચવ્યું છે કે બગસરાથી રાજકોટ જતી તમામ બસો ગોંડલ બસ સ્ટેશનને બાયપાસ કરે અને પરત આવતી વખતે જ ત્યાંથી પસાર થાય. ઉપરાંત, આવેદનપત્રમાં બગસરા ડેપોની સફાઈ વ્યવસ્થા સુધારવા, બંધ પડેલી લાઈટો અને ડિજિટલ બોર્ડ ચાલુ કરવા, અને રિપેર માટે આપેલા પંખાઓ ફરીથી લગાવવાની માગણી કરવામાં આવી છે. નોંધનીય છે કે, આ સમસ્યાઓના કારણે મુસાફરો પરેશાન થઈ રહ્યા છે અને ઘણા લોકો ખાનગી વાહનોનો સહારો લેવા મજબૂર બન્યા છે. આનાથી ડેપોની આવક પણ ઘટી રહી છે.

# સાવરકુંડલા વોર્ડ નં. ૩માં રસ્તો રીપેર કરાતા આનંદ

સાવરકુંડલા, તા. ૦૩



સાવરકુંડલાના શહેર વોર્ડ નં. ૩માં રસ્તાઓ બિસ્માર બની ગયા હતા આથી વિસ્તારનાં જાગૃત સ્વયંસેવકોએ નગરપાલિકામાં રજૂઆત કરી હતી. રજૂઆતને લઈ નગરપાલિકા દ્વારા જેસીબી ફાળવી રોડનું લેવલીંગ કરવામાં આવ્યુ હતું. અને વોર્ડ નંબર ૩ના જેસર રોડ ફાટક પાસે ગણપતિ ઉત્સવના તહેવાર ધ્યાનમાં લઈને રસ્તો રીપેર કરવામાં આવ્યો હતો. નગરપાલિકા દ્વારા કરવામાં આવેલી ઝડપી કામગીરી બદલ વિસ્તારના લોકોએ નગરપાલિકા તંત્રનો આભાર વ્યકત કર્યો હતો.

# રાજુલા એસ.ટી. વર્કશોપ કર્મચારીઓની આળસુ નીતિને કારણે મુસાફરો હેરાન

કોડીનાર, તા.૦૪

કોડીનાર ડેપોની વડોદરાથી કોડીનાર આવવા માટે ૨૮-૮-૨૦૨૪નાં સાંજના છ કલાકે ઉપડેલી વડોદરા-કોડીનાર રૂટની બસ વહેલી સવારે ત્રણ વાગે રાજુલા શહેરમાં પ્રવેશી ત્યારે કોઈ ટેકનિકલ કારણોસર હેડલાઈટ બંધ થઈ જતાં આ બસને રાજુલા વર્કશોપમાં રાત્રે સવા ત્રણ વાગ્યે લઈ જવામાં આવી. ત્યારે રાજુલા વર્કશોપમાં જવાબદાર કોઈ જ કર્મચારીઓ હાજર નહોતા. વહેલી સવારે છ વાગ્યે સ્ટાફ આવે એ પછી વાહન રીપેર થશે તેમ ઉડાઉ જવાબ આપતા બસ ડ્રાઈવર કન્ડકટર મુસીબતમાં મુકાયા હતા અને કોડીનારના અધિકારીઓનો સંપર્ક કરતાં તેમણે તમારી રીતે વ્યવસ્થા કરો તેવું જણાવેલ. એસટીના આવા કર્મચારીઓના વર્તનથી મુસાફરી કરી રહેલા મુસાફરો હેરાન હેરાન થઈ ગયા હતા. જોકે આ સમગ્ર ઘટના દરમ્યાન જાગૃત મુસાફરે ડિવિઝનનાં વડા અધિકારીનો સંપર્ક કરવાનું જણાવતા વર્કશોપમાં નોકરી દરમ્યાન આરામ ફરમાવી રહેલા આળસુ કર્મચારીએ સફાળા તાત્કાલિક બસની લાઈટો રિપેર કરી આપી હતી. જોકે આ સમગ્ર પસ્તાળમાં મુસાફરો ૨ કલાક રજળી પડયા હતા. જેથી બસમાં સફર કરી રહેલા જાગૃત મુસાફરે જી.એસ.આર.ટી.સી.ની બેદરકારી સામે ગ્રાહક સુરક્ષામાં ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે.

# સા.કુંડલા પંથકના સેવાભાવી કાઠી સમાજનું સેવાકિય કાર્ય

સાવરકુંડલા, તા. ૦૩



તસવીર : સૌરભ દોશી

સાવરકુંડલા તાલુકાના ખડકાળા ગામના સેવાભાવી કાઠી સમાજનાં જયરાજભાઈ જે. ખુમાણ તથા નાગેશ્રી ગામના ખોડુભાઈ બોરીયા, હકુભાઈ વરુ, અનકભાઈ બોરીયા વગેરે સેવાકાર્યકરો દ્વારા નાત જાતના ભેદભાવ વિના પોત-પોતાના ગામમાંથી સદગતના અસ્થિઓને લઈ ભાદરવી અમાસે ગંગાજીમાં પૂરી શાસ્ત્રોકત વિધિ સાથે વિસર્જન કરે છે. સેવાભાવીઓના આ કાર્યને લોકો બિરદાવી રહ્યાં છે.

# લીલીયામાં દાડમા સેવા સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ

લીલીયા,તા.૦૩

લીલીયા તાલુકાના દાડમા ખાતે દાડમા સેવા સહકારી મંડળી લિમિટેડની ૬૯મી સાધારણ સભા શનિવાર, તા. ૩૧ના રોજ રામનાથ મહાદેવ મંદિર, દાડમા ખાતે મંડળીના પ્રમુખ શાંતિભાઈ ઘનશ્યામભાઈ ધાનાણીના અધ્યક્ષપદે યોજાઈ હતી. આ સાધારણ સભામાં મંડળીના મંત્રી દેવરાજ ખાંભલિયાએ વાર્ષિક હિસાબો રજૂ કર્યા હતા. મંડળીએ ૩૧,૦૦,૦૦૦/- રૂપિયાનો નફો કર્યો હતો અને સભ્યોને ૧૨% ડિવિડન્ડ જાહેર કર્યું હતું. તેમજ સભ્યોને આકર્ષક ભેટ પણ વિતરિત કરવામાં આવી હતી. આ સાધારણ સભામાં દાડમા પ્રાથમિક શાળાના ૧થી ૩ નંબર મેળવનાર ૧૫ તેજસ્વી વિદ્યાર્થીઓને ભેટ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ શાળાના શિક્ષક જયેશભાઈ જોષીને જિલ્લાના સર્વશ્રેષ્ઠ શિક્ષકનો એવોર્ડ મળતા તેમનું પણ સન્માન કરવામાં આવ્યું હતું. સાધારણ સભામાં અમરેલી જિલ્લા મધ્યસ્થ સહકારી




બેંકના વાઈસ ચેરમેન અરૂણભાઈ પટેલ અને જનરલ મેનેજર બી.એસ.કોઠીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સહકારથી સમૃદ્ધિ અને સરકારના સહકારના ૧૮ આયામો વિશે માહિતી આપી હતી. ઈફકો કંપનીના પ્રતિનિધિઓ અજિતસિંહ સોલંકી અને પ્રતિકભાઈ રામાણી પણ ઉપસ્થિત રહ્યા હતા અને ખેડૂતોને નેનો યુરિયા અને નેનો ડી.એ.પી. વિશે માહિતી આપી હતી. આ સાધારણ સભામાં બેંકની લીલીયા શાખાના બ્રાંચ મેનેજર જિતેન્દ્રભાઈ વઘાસીયા, બ્રાંચ ઈન્સ્પેકટર ભૌમિકભાઈ ભુવા અને શાખાનો સમગ્ર સ્ટાફ પણ ઉપસ્થિત રહ્યો હતો અને સભ્યોને બેંક વિશે માહિતી આપી હતી. જિલ્લા પંચાયતના સદસ્ય વિપુલભાઈ દુધાત, ભીખાલાલ ધોરાજિયા સહિત લીલીયા તાલુકાની તમામ સેવા સહકારી મંડળીના પ્રમુખો અને મંત્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

# નાના માચિયાળા ગામે કામ ધંધો ન મળતાં યુવકે ઝેરી દવા પીતાં મોત

અમરેલી, તા.૦૩

અમરેલીના નાના માચિયાળા ગામે રહેતા એક યુવકને કામ ધંધો મળતો નહોતો. જેથી તેણે કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. બનાવ અંગે મહેન્દ્રભાઈ રવજીભાઈ પરમાર (ઉ.વ.૩૨)એ જાહેર કર્યા મુજબ, મનિષભાઈ રવજીભાઈ પરમાર (ઉ.વ.૩૦)ને કોઈ કામ ધંધો ચાલતો નહોતો અને કામ મળતું નહોતું. જેથી કપાસમાં છાંટવાની ઝેરી દવા પી લેતાં અમરેલી સિવિલ હોસ્પિટલમાં સારવાર દરમિયાન મરણ પામ્યા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એએસઆઈ બી.ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે. ખીજડીયા જંકશન ગામે કપાસના વાવેતરમાં જંતુનાશક દવાનો છંટકાવ કરતાં દવાની જણ ઉડતાં ઝેરી અસર થતાં યુવકને સારવારમાં દાખલ કર્યો હતો. અમરેલીમાં રહેતી એક પરિણીતાએ માથાના દુઃખાવાથી કંટાળી અનાજમાં નાખવાનો ઝેરી દવાનો પાવડર પાણી સાથે ભેળવીને પી જતાં સારવાર અર્થે ખસેડાઈ હતી.

# રાજુલાશહેરમાં ૨૫ જેટલા વિસ્તારમાં ગણેશોત્સવ ઉજવાશે

રાજુલા, તા.૦૩

રાજુલા શહેરમાં આ વર્ષે ૨૫ જેટલા વિસ્તારમાં ગણેશજીની સ્થાપના થશે અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ગણેશોત્સવ ઉજવાશે.

રાજુલા શહેરમાં ગણેશોત્સવ માટે મંડપ નાખવાની પણ તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. જે વિસ્તારમાં ગણેશજીની સ્થાપના કરવામાં આવી હશે તે વિસ્તારના પેટ્રોલિંગ માટે પોલીસ તંત્ર દ્વારા પણ ટીમો તૈયાર થઈ રહી છે. નગરપાલિકાના કાર્યવાહક કામગીરી કરતા રવુભાઈ ખુમાણે પણ જણાવ્યું છે કે મોટાભાગના વિસ્તારોમાં પાંચ તારીખ પહેલા સ્ટ્રીટ લાઈટો શરૂ કરવામાં આવશે જેથી લોકોને મુશ્કેલી પડશે નહીં. આમ ગણેશોત્સવ ઉજવવાની તડામાર તૈયારીઓ શરૂ થઈ ગઈ છે. મૂર્તિ બનાવનાર કારીગર દ્વારા પણ ૨૫ માણસો દ્વારા મૂર્તિઓ તૈયાર થઈ રહી છે. બીજી તરફ સોસાયટીઓના લોકોએ પણ તૈયારીઓ શરૂ કરી દીધી છે. આ વર્ષે ગણેશજીની મૂર્તિઓ પણ અલગ ડિઝાઈનમાં હોવાથી લોકો દરરોજ ડોમમાં મૂર્તિઓને નિહાળવા અને પસંદ કરવા રાજુલામાં મૂર્તિ બનાવનાર એક માત્ર કારીગર વાલાભાઈ સિહોરવાળાને ત્યાં જઈ રહ્યા છે.

# સંસ્કાર ભારતી દ્વારા બગસરાના કવિ સ્નેહી પરમારને 'સંસ્કાર પુરસ્કાર-૨૦૨૪' એનાયત

અમદાવાદ, તા.૦૩

સાહિત્ય અને કલાના ક્ષેત્રમાં ઉત્કૃષ્ટ પ્રદાન બદલ સંસ્કાર ભારતી ગુજરાત પ્રાંત દ્વારા આપવામાં આવતા પ્રતિષ્ઠિત 'સંસ્કાર પુરસ્કાર-૨૦૨૪'થી બગસરાના જાણીતા કવિ સ્નેહી પરમારને નવાજવામાં આવ્યા છે. તાજેતરમાં આંબેડકર યુનિવર્સિટી,



અમદાવાદ ખાતે યોજાયેલા એક ભવ્ય સમારોહમાં ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીના હસ્તે કવિ સ્નેહી પરમારને આ સન્માન અર્પણ કરવામાં આવ્યું. સાહિત્ય વિભાગમાં તેમની ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવતા 'સંસ્કાર વિભૂષણ માનપત્ર' પણ તેમને એનાયત કરવામાં આવ્યું. કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા પદ્મશ્રી જોરાવરસિંહજી જાદવે પણ કવિ સ્નેહી પરમારનું સન્માન કર્યું હતું.

Jitendra Sanghani
Cell : 98254 22922
MARUTI SUZUKI
મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ
કારકેર સેન્ટર
(Maruti Authorised Workshop)



વ્હીલ એલાઈમેન્ટ, વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીગ, વોશિગ તેમજ સર્વિસ કરી આપનાર
ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧
ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com




નવનીત ઓટો સેન્ટર
ગોપી સિનેમા પાસે, સ્ટેશન રોડ,
અમરેલી ફો.૭૫૭૪૮૨૭૩૦૦

મુકેશ સંધાણી 94281 45595
New Number 97230 67130
હર્ષદ સંધાણી 98242 33314
અમારા માટે કોઈ કામ નાનું કે મોટું નથી
ઓલ મેજર એન્ડ માઈનોર રીપેર જોબ
ઓલ એકસીડેન્ટલ રીપેર જોબ • વ્હિલ એલાઈમેન્ટ- બેલેન્સીંગ
ઓલ મીકેનિકલ એન્ડ ઈલેકટ્રીકલ જોબ
સસ્પેન્શન ઓવરહોલીંગ • એસી જોબ • એન્જીન જોબ
હેડલાઈટ બાર્ફિંગ જોબ • ઈન્ટીરીયર વોશિંગ
વોશિંગ એન્ડ કલીનીંગ • ઈન્શ્યુરન્સ પોલીસી
શું કામ તમે અમારી સર્વિસ પસંદ કરશો ?



વ્યાજબી ભાવ
શ્રેષ્ઠ ગ્રાહક સેવા
ગુણવતાયુકત કામ
પ્રોફેશનલ અને સ્કીલડ ટીમ
મુકેશ મોટર ગેરેજ Info.mmgamr.gmail.com
C/O પટેલ ગેરેજ, ચકકરગઢ રોડ, અમરેલી, મો. ૯૪૨૮૧ ૮૭૪૭૯

### લોકોપાયલોટને સિંહો દેખાતા જ ઈમરજન્સી બ્રેક મારી

# ગાધકડા-સાવરકુંડલા સેકશન વચ્ચે ત્રણ સિંહોને બચાવાયા

**લોકોપાયલોટની કામગીરીને રેલવે વિભાગે બિરદાવી અભિનંદન પાઠવ્યા**

અમરેલી,તા.૦૩

ભાવનગર ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમારે જણાવ્યું કે ૦૨ સપ્ટેમ્બરના રોજ રાત્રે લગભગ ૦૯.૦૦ કલાકે, લોકોપાયલટ પુષ્પેન્દ્ર કુમાર સેન (મુખ્ય મથક - જેતલસર) અને સહાયક લોકોપાયલટ ઉમેશ બાબુ (મુખ્ય મથક - જેતલસર) દ્વારા ગાધકડા-સાવરકુંડલા સેક્શન વચ્ચે જ્યારે ૩ સિંહો રેલવે-ટ્રેક ક્રોસ કરતા જોવા મળ્યા, ત્યારે ગુડ્સ ટ્રેનને ઈમરજન્સી બ્રેક લગાવીને લગભગ ૧૦૦ મીટરના અંતરે રોકવામાં



આવી હતી. લોકોપાયલોટ દ્વારા ટ્રેન મેનેજર (ગાર્ડ) અને સાવરકુંડલાના સ્ટેશન માસ્તરને વોકી-ટોકી દ્વારા જાણ કરવામાં આવી હતી. થોડા સમય બાદ જ્યારે ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટના કર્મચારી આવ્યા અને ટ્રેક ક્લીયર થવાનો સિગ્નલ મેળવ્યો ત્યારે લોકોપાયલટ દ્વારા માલગાડીને નિયત સ્થાન તરફ લઈ જવામાં આવી હતી. માહિતી પ્રાપ્ત થતાં, ડિવિઝનલ રેલવે મેનેજર રવીશ કુમાર અને એડિશનલ ડિવિઝનલ રેલવે મેનેજર હિમાંશુ શર્મા દ્વારા લોકોપાઈલોટ્સના કાર્યની પ્રશંસા કરવામાં આવી હતી.

# ધારીના વિરપુર ગામમાં નવા પેટા આરોગ્ય કેન્દ્રનું ખાતમુહૂર્ત સંપન્ન

ધારી,તા.૦૩

ધારી તાલુકાના વિરપુર ગામમાં નવા પેટા આરોગ્ય કેન્દ્રનો ખાતમુહૂર્ત સમારોહ યોજાયો હતો. આ કાર્યક્રમમાં સ્થાનિક નેતાઓ અને સમુદાયના આગેવાનોએ હાજરી આપી હતી. ધારાસભ્ય જે.વી. કાકડીયાએ ખાતમુહૂર્ત કર્યું હતું. તેમની સાથે જિલ્લા



પંચાયતની આરોગ્ય સમિતિના અધ્યક્ષ અશ્વિનભાઈ કુંજડીયા પણ જોડાયા હતા. કાર્યક્રમમાં ગામના સરપંચ નીલુબેન જોષી અને ચતુરભાઈ છોડવડીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

# સા.કુંડલામાં કોલકાતાની રેપ પીડિતાને શ્રધ્ધાંજલિ અપાઈ

સારવકુંડલા, તા. ૦૩

સાવરકુંડલા શહેરના રિધ્ધિ સિધ્ધિ ચોક ખાતે આજે વિશ્વ હિન્દુ મહાસંઘ અને નારી શક્તિ ઉત્થાન સશક્તિકરણ દ્વારા કોલકાતાની રેપ પીડિતાને શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી. કાર્યક્રમમાં શહેરના વિવિધ સંગઠનો અને નાગરિકોએ ઉપસ્થિત રહી દીપ પ્રગટાવીને પીડિતાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી. "મારા ઘરે પણ દીકરી છે" આ



સ્લોગન હેઠળ, કોલકાતાની પીડિત દીકરી માટે આ વિશેષ કાર્યક્રમ ગત રાત્રે યોજાયો હતો. જેમા જેમા જાગૃત હિંદુ ધર્મ સેના, હિંદુ યુવા સંગઠન, ડોક્ટર એસોસિએશનના તબીબો, સિવિલ હોસ્પિટલના કર્મચારીઓ અને લલ્લુભાઈ શેઠ આરોગ્ય મંદિરના કર્મચારીઓ સહિત અનેક નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા. તેઓએ દીપ પ્રગટાવીને પીડિતાને શ્રધ્ધાંજલિ અર્પણ કરી અને બે મિનિટનું મૌન પણ પાળ્યું. તબીબોના પ્રતિનિધિ દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ સમયે, મહિલાઓની સુરક્ષા માટે મજબૂત વ્યવસ્થા કરવાની અને આરોપીઓને કડક સજા આપવાની માંગ કરવામાં આવી. આ સાથે પ્રભુ ચરણોમાં શીશ નમાવી પ્રાર્થના પણ કરવામાં આવી.

# સાવરકુંડલાના ચિખલી ગામે ઝેરી દવા પીવાથી પુરુષનું મોત

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલાના ચિખલી ગામે ઝેરી દવા પીવાથી પુરુષનું મોત થયું હતું. રાજુલાના કાતર ગામના અને હાલ માંકણા ગામે રહેતા રમેશભાઈ સોડાભાઈ બલદાણિયા (ઉ.વ.૩૩)એ જાહેર કર્યા મુજબ, તેમની બહેનના લગ્ન ચિખલી ગામના લાલજીભાઈ સુખાભાઈ હાડીયા (ઉ.વ.૩૩) સાથે થયા હતા. તેમની બહેન પ્રેગનેન્ટ હતી અને તેનાથી કામ થતું ન હોવાથી તેડવા માટે આવ્યા હતા. પરંતુ બનેવી લાલજીભાઈને જવા દેવી નહોતી અને તેઓ બહેનને લઈ જવા માંગતા હતા. જેથી બનેવીને મનમાં લાગી આવતા પોતાની મેળે ઝેરી દવા પી લેતા મરણ પામ્યા હતા. સાવરકુંડલા રૂરલ પોલીસ સ્ટેશનના એએસઆઈ કે.એ. સાંખટ વધુ તપાસ કરી રહ્યા છે.


ગોડાઉન ભાડે આપવાના છે.
જી.આઈ.ડી.સી.માં
કુલ ૩ ગોડાઉન
ભાડે આપવાના છે.
શીતલ આઈસ્કીમની બાજુમાં
અશોકભાઈ 94269 63633
તેજસભાઈ 82008 94309


**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ-રાજુલાની કોર્ટમાં મું. રાજુલા.**

જન્મ /મરણ અરજી નંબર / ૨૪૮ /૨૦૨૪

અરજદાર :- શ્રી કમળાબેન જીવાભાઈ કળસરીયા,
સરનામું:- રહે.રાજુલા, તા. રાજુલા, જિ.અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :-જન્મ-મરણ નોંધણી રજીસ્ટર અને ચીફ ઓફિસરશ્રી,
નગરપાલિકા રાજુલા, તા. રાજુલા, જી. અમરેલી

**-:: નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જિલ્લાના **રાજુલા તાલુકાના રાજુલા ગામના શ્રી કમળાબેન જીવાભાઈ ડોબરીયા એ તેમના પોતાની જન્મ તા.૧૫/૦૮/૧૯૬૫** ના રોજ જન્મ થયા અંગેની નોંધ કરાવવા તેમના **વકીલ શ્રી એ.આર.બલદાણીયા** મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાનાં જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહું નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦ (ત્રીસ) દિવસમાં નીચે સહિ કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ ૨૩ માહે ઓગસ્ટ સને ૨૦૨૪નાં રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

**સ્થળ : રાજુલા.**
**તા. ૨૩/૦૮/૨૦૨૪**

કોર્ટનો સિક્કો

**સહી.**
**તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ**
**રાજુલા**

# અમૃતવેલના પશુપાલકોનું ગૌચર દબાણ મુદ્દે આવેદન

સાવરકુંડલા, તા.૦૩

સાવરકુંડલા તાલુકાના અમૃતવેલ ગામના પશુપાલકોએ આજે મામલતદાર અને પ્રાંત અધિકારીને એક આવેદનપત્ર સુપરત કર્યું, જેમાં ગામની ગૌચર જમીન પરના અતિક્રમણને દૂર કરવાની માગણી કરવામાં આવી છે. પશુપાલકોએ મામલતદાર અને પ્રાંત અધિકારીને વિનંતી કરી છે કે તેઓ આ મુદ્દે તાત્કાલિક ધોરણે કાર્યવાહી કરે અને ગૌચર જમીન પરથી અતિક્રમણ દૂર કરે.

# વડિયાનાં તોરી ગામે દુકાનોમાં ચોરી થતાં લોકોમાં ભયનો માહોલ

**ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ પેટ્રોલીંગ શરૂ કરવા ગ્રામજનોની માંગ**

તોરી, તા.૦૩

વડિયા તાલુકાનાં તોરી ગામે થોડા દિવસોમાં જ બે થી ત્રણ દુકાનોમાં ચોરી થતાં લોકોમાં ભયનો માહોલ છવાયો છે. તોરીમાં તસ્કરોએ બે ત્રણ દુકાનોને નિશાન બનાવી છે. તસ્કરોએ બસ સ્ટેશન પાસે આવેલી દુકાનમાં પ્રવેશવા માટે વૃક્ષો પર ચડી દુકાનનાં બેલા ખસેડી પાનની દુકાનમાંથી માવા, સિગારેટ તેમજ રોકડ રકમ મળી અંદાજે ૮ થી ૧૦ હજાર રૂપિયાની મત્તા ચોરી




કરી હતી. તેમજ આંબેડકર નગરમાં આવેલ ઉકાભાઈ નામના વેપારીની દુકાનમાં પણ પ્રવેશ કરી માવા, સિગારેટ, રોકડ રકમ મળી અંદાજે ૭ હજાર રૂપિયાનો હાથફેરો કરી તસ્કરો નાસી ગયા હતા. તોરી ગામમાં તસ્કરોની રંજાડ વધતા ગ્રામજનોમાં ભયનો માહોલ છવાયો છે. ચોરીના બનાવ અટકાવવા ગ્રામ્ય વિસ્તારોમાં પોલીસ પેટ્રોલીંગ કડક બનાવે તેવી માંગ ઉઠવા પામી છે.

# આંબલીયાળા ગામેથી યુવક દારૂની બોટલ સાથે ઝડપાયો

ખાંભા, તા.૦૩

ખાંભાના આંબલીયાળા ગામેથી હીરા ઘસવાનું કામ કરતો ભરતભાઈ ગોહીલ (ઉ.વ.૩૦) નામનો યુવક દારૂની બોટલ સાથે ઝડપાયો હતો. પોલીસે બાઈક, દારૂની બોટલ મળી કુલ ૧૫,૩૩૦ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. સાવરકુંડલા અને જાફરાબાદમાંથી ૨-૨, ધામેલ, અમરેલી અને જામબરવાળામાંથી ૧-૧ મળી કુલ ૭ ઈસમો પાસ પરમીટ વગર કેફી પીણું પીને ફરતાં મળી આવ્યા હતા.


KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ કયારેય સસ્તુ ન હોય,
સસ્તુ કયારેય શ્રેષ્ઠ ન હોય.
નિર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઇઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીનાં કોઈ અસર નહિ
પીવીસી પતરા ઓર્ડર પ્રમાણે મળશે
ઓછા સમયમાં
અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું
એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર,
જિલ્લા પંચાયત રોડ,
અમરેલી





Gyanvi Technologies Private Limited
MAKE IN INDIA
OREVA eBIKE MILEAGE MASTI
अब पेट्रोल की टेंशन छोड़ो !
भारत में निर्मित अपनी इलेक्ट्रिक सवारी,ओरेवा ई बाइक चलाओ मगर शान से!
SPECIAL OFFER
100% Services ALL PARTS AVAILABLE
OREVA E- BIKE
offer Prize 55,999/-
Rs. 59,999/-
Alish
No
RTO / PUC
LICENCE
PETROL
POLLUCTION
REGISTRATION
રાધે મોટર્સ ફોન : ૭૪૦૫૨ ૫૨૩૦૦
સ્ટેશન રોડ, ગોપી સીનેમાની બાજુમાં, અમરેલી.

વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ
તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં
રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

એપોઈન્ટમેન્ટ માટે : Mo. 70169 65665
PROFESSIONAL spa
પ્રોફેશનલ ફેમિલી સ્પા
Since : 2018 (7 વર્ષ જુનુ)
ભાઈઓ માટે Rs.1599/- માં પ્રિમીયમ મસાજ
એક સાથે એક ફ્રી (એક જમા રહેશે) ૬૦ મિનીટ (૧ કલાક)
લેડીઝ માટે Rs.799/- માં પ્રિમીયમ મસાજ
કપલ માટે Rs.1399/- માં પ્રિમીયમ મસાજ
અયોધ્યા એપાર્ટમેન્ટ, એમેઝોન રોયલ પાર્ક પાસે,
કેરીયા-લીલીયા રોડ બાયપાસ.

શાંત અને રમણીય વાતાવરણ
સૌથી વિશાળ પાર્કિંગ ધરાવતી હોટેલ
24 X 7 ૨૪ કલાક માટે
એ.સી.રૂમ રૂા.૯૯૯
ડીલકસ રૂમ રૂા.૧૧૯૯
હોટેલ હોલીડે
M.8238744144
HOLIDAY HOTEL
સારથી માર્કેટ, નવા માર્કેટયાર્ડ સામે, સાવરકુંડલા રોડ, અમરેલી

**તંત્રી લેખ**

# ઈન્ડો પેસેફિક જોખમી વિસ્તાર

છેલ્લા દિવસથી ચાલી રહેલા યુક્રેન યુદ્ધમાં હવે યુક્રેનને નાટો દેશોની મદદ મળતા તે રશિયા પર હુમલા કરી રહ્યું છે. આથી દાઝે ભરાયેલું રશિયા કદાચ ભયાનક અણુબોમ્બનો ઉપયોગ પણ કરી શકે તેવી અમેરિકન થીંક ટેન્ક સેન્ટર ફોર આર્મ્સ કંટ્રોલ એન્ડ પ્રોલિફરેશન એન્ડ રિસર્ચ એનાલીસ્ટના વડા સોંગ રોસ્ટરે ચેતવણી આપી છે કે આજના તણાવને પગલે ઈન્ડો પેસેફિક એરિયા જોખમી વિસ્તાર બની ચૂક્યો છે. અમેરિકાની થીંક ટેન્ક લોકોને ચેતવણી આપે છે કે રશિયા છોડી દો. ભારત, પાક, ચીનના ત્રિકોણથી બચવું જરૂરી છે. રશિયા સામેના યુદ્ધમાં યુક્રેનની લીડથી મોસ્કો દ્વારા પરમાણુ હુમલાની આશંકા અમેરિકાને છે. ભારત, પાક અને ચીન વચ્ચે જોખમો વધી રહ્યા છે તેમ આ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે. છેલ્લા લગભગ અઢી વર્ષથી યુક્રેન અને રશિયા વચ્ચે ભીષણ યુદ્ધ ચાલી રહ્યું છે. રશિયા પર અમેરિકા સહિતના પશ્ચિમી દેશોએ આકરા પ્રતિબંધ લાદી રાખ્યા છે. તો બીજી તરફ ચીન અને નોર્થ કોરિયા ગુપચુપ રીતે રશિયાને મદદ કરે છે. આ વાતની શંકા પણ વ્યક્ત કરાઈ છે કે ચીન અને નોર્થ કોરિયા રશિયાને ન્યુક્લિયર હથિયારોનો સપ્લાય કરી રહ્યા છે અને તે સ્વયં પોતાને ત્યાં પરમાણુ હથિયારોનું ઉત્પાદન વધારી રહ્યું છે. આ સ્થિતિને કારણે ઈન્ડો-પેસિફિક ક્ષેત્રમાં પરમાણુ હુમલા અને સંઘર્ષનો ખતરો વધી ગયો છે. અમેરિકા પહેલાંથી જ ચીન અને રશિયાથી ખાર ખાતું રહ્યુ છે પરંતુ હાલના ભૂ-રાજકીય ઘટનાક્રમો અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગના મોસ્કો પ્રવાસ અને રશિયાના રાષ્ટ્રપતિના પ્યોંગયોંગ પ્રવાસથી અમેરિકાની ઊંઘ ઊડી ગઈ છે.

નાટોને આ વાતનો ભય સતાવી રહ્યો છે કે યુક્રેન યુદ્ધમાં જે પ્રકારે યુક્રેને રશિયાના વિસ્તારોનો કબજો કર્યો છે અને યુદ્ધમાં લીડ મેળવી છે તેનાથી રઘવાયા બનીને રશિયા ક્યાંક પરમાણુ હથિયારોનો ઉપયોગ ન કરી દે. જોકે, અમેરિકન થિંક ટેન્ક સેન્ટર ફોર આર્મ્સ કન્ટ્રોલ એન્ડ નોન પ્રોલિફરેશનના એક રિસર્ચ એનાલિસ્ટ શૉન રોસ્ટરે અમેરિકા સહિત પશ્ચિમી દેશોને ચેતવણી આપી છે કે પરમાણુ હથિયારોથી અમેરિકાને રશિયા કે ચીન નહીં પરંતુ ચીન, પાકિસ્તાન અને ભારતના ત્રિકોણથી ખતરો છે. ધ ડિપ્લોમેટમાં ૯ ઓગસ્ટના રોજ લખેલા લેખમાં રોસ્ટરે લખ્યું હતું કે ચીન અને રશિયા અને અમેરિકા વચ્ચે ગૂંચવાયેલી ગૂંચ વચ્ચે દક્ષિણ એશિયા અપેક્ષાકૃત વધારે પરમાણુ ટકરાવનું કેન્દ્ર બની શકે છે.

ભારત, પાકિસ્તાન અને ચીન વચ્ચે પરમાણુ ગતિશીલતા અને જોખમ વધી રહ્યા છે. તેમણે ચેતવણી આપી હતી કે દક્ષિણ એશિયન ક્ષેત્ર પરમાણુ શસ્ત્રીકરણની દિશામાં ઝડપથી આગળ વધી રહ્યું છે કારણ કે અહીં સૈન્ય ટેક્નિકમાં પ્રગતિ થવાની સાથે-સાથે જ વ્યૂહાત્મક સ્પર્ધા પણ વધી છે. રિપોર્ટમાં કહેવાયું છે કે ચીન, પાકિસ્તાન અને ભારત એકબીજાથી સંભાવિત ખતરાને જોતા ન્યુક્લિયર હથિયારોનું આધુનિકીકરણ કરી રહ્યા છે. ચીન સાથે પાકિસ્તાનની પરમાણુ ભાગીદારીએ ભારતની ચિંતાઓ વધારી છે. ઈન્ડો પેસિફિક વિસ્તાર દિવસે દિવસે વધુ ને વધુ જોખમી બની રહ્યો છે.

# જાફરાબાદના નવા પુલ ઉપર વરસાદના કારણે ફૂટ-ફૂટના ગાબડા, વાહનચાલકોમાં ભારે રોષ

**ગાબડા પડતા લોખંડના સળિયા દેખાયા બહાર**


તસવીર : બાબુભાઈ વાઢેળ

જાફરાબાદ, તા.૦૩

વરસાદના કારણે અમરેલી જિલ્લાના ઘણા રોડ રસ્તા ધોવાઈ ગયા છે. જાફરાબાદ પંથકમાં પણ આવી હાલત છે. જાફરાબાદના નવા પુલ પર વરસાદના કારણે એક એક ફૂટના ગાબડા પડી ગયા છે. જાફરાબાદ ખાડી ઉપરના પુલ ઉપર ફૂટ ફૂટના ગાબડા પડતા વાહનચાલકો પરેશાન થઈ ગયા છે. તેમજ જાફરાબાદ રાજુલા તરફ જતા ખાડી પરના નવા પુલ ઉપર ગાબડા પડતા લોખંડના સળિયા બહાર દેખાવા લાગ્યા છે. કોઈ અકસ્માત સર્જાય તે પહેલા તંત્ર આ ખાડા પૂરે તેવી માંગ ઉઠવા પામી છે. તો બીજી તરફ જૂનો પુલ રાહદારીઓ માટે રીપેરીંગ કરી ચાલુ કરવાની પણ માંગણી કરવામાં આવી રહી છે. નવા પુલ ઉપર વધારે પડતા ટ્રાફિકના કારણે વારંવાર અકસ્માત થઈ રહ્યા છે ત્યારે હમીરભાઈ સોલંકી, કોળી સમાજ બોટ એસોસિયન પ્રમુખે રોડના તાત્કાલિક સમારકામની માંગ કરી છે.

# રાજુલાના વિસળીયા ગામે યુવકને ગાળો આપી મુંઢમાર માર્યો

રાજુલા, તા.૦૩

રાજુલાના વિસળીયા ગામે રહેતા એક યુવકને ગાળો બોલીને મુંઢમાર મારવામાં આવ્યો હતો. બનાવ અંગે સચિનભાઈ સોંડાભાઈ બાંભણીયા (ઉ.વ.૨૦) એ દિનેશભાઈ છગનભાઈ સરવૈયા, જયાબેન દિનેશભાઈ સરવૈયા, દેવશીભાઈ માધાભાઈ સરવૈયા, ધનીબેન માધાભાઈ સરવૈયા, વશરામભાઈ માધાભાઈ સરવૈયા તથા ભાવેશભાઈ વશરામભાઈ સરવૈયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ વિસળીયા ગામે બાપુની મઢી પાસે માવો ખાતા હતા. તે સમયે આરોપીએ વાયરથી શરીરે માર મારી ગાળો આપી હતી. ઉપરાંત લાકડીઓ વડે આડેધડ માર મારીને મુંઢ ઈજા પહોંચાડી હતી. મરીન પીપાવાવ પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ વિક્રમભાઈ જી. ડાભી વધુ તપાસ કરી રહ્યા છે.

# ‘તમારા દીકરાને સમજાવો કે મારા મકાનની અગાસી પર આંટાફેરા ન કરે’ કહેતા લાકડીના ઘા માર્યા

**ખાંભા શહેરમાં બનાવ બન્યો**

ખાંભા, તા.૦૩

ખાંભા ગામે તમારા દીકરાને કહેજો કે મારા મકાનની અગાસી પર આંટાફેરા ન કરે તેમ કહેતા લાકડીના ઘા મારવામાં આવ્યા હતા. બનાવ અંગે છોટુભાઈ બાબુભાઈ કામળીયા (ઉ.વ.૫૨)એ મીલનભાઈ સુરેશભાઈ સાવલીયા તથા સુરેશભાઈ સાવલીયા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેમના મકાનની અગાસી ઉપર ગઈકાલે રાત્રે યુવક આંટાફેરા કરતો હતો. જેથી તેમણે રાત્રે સમજાવેલ કે મારા મકાનની અગાસીએ આવતો નહીં. બીજા દિવસે તેમની દુકાને જઈ ઠપકો આપ્યો હતો કે તમારા દીકરા મીલનને સમજાવજો કે મારા મકાનની અગાસી ઉપર આંટાફેરા ન કરે. તે દરમિયાન મીલનને સારૂં નહીં લાગતા ઉશ્કેરાઈ દુકાનમાંથી લાકડી લઈ જમણા હાથના કાંડે લાકડીનો એક ઘા માર્યો હતો. ઉપરાંત લાકડીના બે ઘા પીઠ પાછળ વાંસાના ભાગે મારી દઈ જમણા હાથના કાંડે ફેક્ચર લાવી તથા વાંસાના ભાગે ઈજા કરી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ ડી.કે. પરમાર વધુ તપાસ કરી રહ્યા છે.

# અમરેલીજિલ્લામાં ૬ સ્થળેથી ૨૭ શકુની રોકડ રકમ સાથે ઝડપાયા

**પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધ્યો**

અમરેલી, તા.૦૩

અમરેલી જિલ્લામાં પોલીસે ૬ સ્થળેથી ૨૭ શકુનીને ઝડપી પાડ્યા હતા. ખાંભાના લાસા ગામની સીમમાંથી સાત ઈસમો જાહેરમાં હાથબત્તી(ટોર્ચ)ની લાઈટના અજવાળે હારજીતનો તીનપત્તીનો જુગાર રમતાં રૂ. ૧૪,૨૬૦ના મુદ્દામાલ સાથે ઝડપાયા હતા. જામકા ગામની સીમમાંથી પાંચ ઈસમો રોકડા ૧૨,૪૫૦ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. લાઠી ટાઉનમાં કેરીયા રોડ ખોડીયારનગરમાંથી ચાર ઈસમો સ્ટ્રીટ લાઈટના અજવાળે કુંડાળુ વળી જાહેરમાં જુગાર રમતાં રોકડા ૧૦,૧૫૦ના મુદ્દામાલ સાથે પકડાયા હતા. પાડરશીંગા ગામેથી ચાર શખ્સો બાવળ નીચે પૈસા-પાના વડે હારજીતનો જુગાર રમી રમતાં રોકડા ૪૦૭૦ના મુદ્દામાલ સાથે મળી આવ્યા હતા. બાબરામાંથી પાંચ ઈસમો તીનપત્તીનો જુગાર રમતાં રોકડા ૨૭૦૦ સાથે ઝડપાયા હતા.

અમરેલીમાં બહારપરામાં વેલનાથ મંદિર પાસે જાહેરમાં જુગાર રમતાં બે ઈસમો રોકડા ૨૨૪૦ સાથે ઝડપાયા હતા.

# બગસરા પંથકમાં મગફળીના પાકમાં મુંડા આવતા ખેડૂતો મુશ્કેલીમાં

બગસરા,તા.૦૩

બગસરા, અમરેલી જિલ્લાનો એવો બીજો તાલુકો છે જ્યાં સૌથી વધુ વરસાદ પડ્યો છે. બગસરા પંથકમાં અમુક ખેડૂતોના પાક પણ વધુ પડતા વરસાદથી સુકાઈ ગયા છે, તો અમુક ખેડૂતના પાકો પીળા પડી ગયા છે. અવિરત વરસાદ બાદ વિરામ લેતા મોલાત ઉપર તડકો પડતાં ખેડૂતોને થોડી રાહત થઈ હતી ત્યારે વધુ એક ખતરો સામે આવ્યો છે. મગફળીના પાકમાં મુંડા આવતા જગતના તાતની મુશ્કેલીમાં વધારો થયો છે. બગસરા પંથકમાં કુલ ખેતીની જમીન ૨૯૮૯૫ હેકટર છે જે પૈકી ૮૭૪૮ હેકટરમાં મગફળીનું વાવેતર કરવામાં આવ્યું છે.


તસવીર : હાર્દિક બામટા

અહીં આજ દિવસ સુધીનો ૮૬૧ મિમી વરસાદ પડી ચૂકેલો છે. મગફળીમાં હજુતો માંડ ફૂલો ખીલવાની શરૂઆત થઈ ત્યાં તો મુંડાએ આતંક મચાવી દીધો છે. મુંડા આવતાંની સાથે તમામ મગફળીના પાક ખાઈ ગયેલ છે. તેમજ તેના મૂળને પણ ભારે નુકસાની પહોંચેલ છે. જેના કારણે ખેડૂતોને પોતાનો ખર્ચો પણ નીકળી શકે તેમ નથી.

# લાઠી-ચાવંડ હાઈવે પર અજાણ્યા વાહનની ટક્કરથી પુરુષનું મોત

લાઠી, તા.૦૩

લાઠી-ચાવંડ હાઈવે પર સુકન કાઠીયાવાડી ઢાબા પાસેથી એક યુવક ચાલીને જતો હતો ત્યારે અજાણ્યા વાહને ટક્કર મારી હતી. જેના કારણે શરીરે ઈજા થવાથી મોત નિપજ્યું હતું. બનાવ અંગે અશોકભાઈ શાંતિભાઈ ચૌહાણ (ઉ.વ.૫૦)એ અજાણ્યા વાહન ચાલક સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, તેમના નાનાભાઈ સુરેશભાઈ લાઠીથી ચાલીને વિરપુર જતા હોય તે દરમિયાન ચાવંડ રોડ ઉપર કોઈ અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેફીકરાઈથી ચલાવી તેમના નાનાભાઈ સાથે ભટકાવી માથાના ભાગે ગંભીર ઈજા કરી હતી તથા શરીરે નાની-મોટી ઈજાઓ કરી મોત નિપજાવી ફરાર થઈ ગયો હતો. લાઠી પોલીસ સ્ટેશનના પીએસઆઈ એચ.જે. બરવાડીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૫૩૧ | ૧૬૭૫ |
| ઘઉં લોકવન | ૫૨૦ | ૫૮૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૧૦ |
| જુવાર સફેદ | ૭૬૦ | ૮૩૫ |
| જુવાર લાલ | ૮૩૫ | ૯૦૦ |
| બાજરી | ૪૩૦ | ૫૦૦ |
| તુવેર | ૧૫૫૦ | ૨૨૬૫ |
| ચણા પીળા | ૧૩૫૦ | ૧૪૯૦ |
| ચણા સફેદ | ૨૧૦૦ | ૨૮૬૦ |
| અડદ | ૧૬૫૧ | ૧૮૯૦ |
| મગ | ૧૨૮૦ | ૧૬૮૦ |
| વટાણા | ૨૦૫૦ | ૩૧૦૦ |
| સીંગદાણા | ૧૩૫૦ | ૧૫૫૦ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૨૨૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૯૭ |
| તલી | ૧૯૫૦ | ૨૪૯૫ |
| સુરજમુખી | ૪૮૦ | ૪૮૦ |
| એરંડા | ૧૧૨૨ | ૧૧૯૧ |
| સોયાબીન | ૮૧૫ | ૮૮૦ |
| સીંગફાડા | ૯૫૦ | ૧૨૮૦ |
| કાળા તલ | ૩૦૧૦ | ૩૪૮૦ |
| લસણ | ૩૫૦૦ | ૫૬૨૫ |
| ધાણા | ૧૧૮૦ | ૧૪૧૧ |
| ધાણી | ૧૨૨૦ | ૧૬૦૦ |
| વરીયાળી | ૯૫૦ | ૧૨૭૦ |
| જીરૂ | ૪૩૦૦ | ૪૮૫૦ |
| રાય | ૧૦૨૦ | ૧૩૨૮ |

| | | |
|---|---|---|
| મેથી | ૯૫૦ | ૧૨૫૦ |
| કલોંજી | ૩૦૦૦ | ૩૫૯૫ |
| રાયડો | ૯૬૦ | ૧૦૭૬ |
| રજકાનું બી | ૪૪૦૦ | ૫૨૦૦ |
| ગુવારનું બી | ૯૮૫ | ૧૦૨૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૧૦૦૦ | ૨૦૦૦ |
| બટેટા | ૩૦૦ | ૬૧૧ |
| ડુંગળી સુકી | ૩૧૦ | ૯૨૧ |
| ટમેટા | ૩૦૦ | ૫૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૭૫૦ |
| કોથમરી | ૨૫૦૦ | ૩૮૦૦ |
| મુળા | ૪૦૦ | ૬૫૦ |
| રીંગણા | ૪૦૦ | ૮૦૦ |
| કોબીજ | ૩૩૦ | ૫૫૦ |
| ફલાવર | ૫૦૦ | ૮૦૦ |
| ભીંડો | ૪૦૦ | ૭૦૦ |
| ગુવાર | ૮૦૦ | ૧૩૦૦ |
| ચોળાસીંગ | ૪૦૦ | ૭૦૦ |
| વાલોળ | ૩૫૦ | ૬૮૦ |
| ટીંડોળા | ૫૦૦ | ૧૦૦૦ |
| દુધી | ૨૫૦ | ૪૩૦ |
| કારેલા | ૨૦૦ | ૩૬૦ |
| સરગવો | ૯૦૦ | ૧૩૦૦ |
| તુરીયા | ૨૫૦ | ૪૫૦ |
| પરવર | ૫૫૦ | ૯૫૦ |
| કાકડી | ૩૫૦ | ૫૫૦ |
| ગાજર | ૨૭૦ | ૫૬૦ |

| | | |
|---|---|---|
| કંટોળા | ૭૫૦ | ૧૩૦૦ |
| ગલકા | ૩૫૦ | ૫૫૦ |
| બીટ | ૨૫૦ | ૪૫૦ |
| મેથી | ૨૦૦૦ | ૨૫૦૦ |
| ડુંગળી લીલી | ૭૦૦ | ૧૦૦૦ |
| આદુ | ૧૦૦૦ | ૧૯૦૦ |
| મરચા લીલા | ૧૩૦ | ૨૫૦ |
| મગફળી લીલી | ૩૦૦ | ૭૦૦ |
| મકાઇ લીલી | ૧૦૦ | ૨૫૦ |
| **અમરેલી** | | |
| કપાસ | ૮૭૦ | ૧૬૪૮ |
| શિંગ મઠડી | ૧૧૬૦ | ૧૨૪૫ |
| શિંગ મોટી | ૧૦૦૫ | ૧૫૦૨ |
| શિંગ ફાડા | ૧૦૦૦ | ૧૫૦૨ |
| તલ સફેદ | ૧૮૦૦ | ૨૬૯૩ |
| તલ કાળા | ૨૩૦૦ | ૩૪૬૫ |
| તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૨૭૦ |
| બાજરો | ૪૧૨ | ૪૭૪ |
| જુવાર | ૩૦૦ | ૭૯૭ |
| ઘઉં ટુકડા | ૩૪૦ | ૬૦૬ |
| ઘઉં લોકવન | ૪૬૭ | ૬૧૦ |
| મગ | ૧૨૧૫ | ૧૫૨૦ |
| ચણા | ૧૧૮૦ | ૧૫૫૦ |
| તુવેર | ૧૨૦૦ | ૧૯૯૫ |
| એરંડા | ૧૦૯૨ | ૧૧૪૯ |
| જીરું | ૩૬૪૦ | ૪૫૦૦ |
| સોયાબીન | ૭૭૦ | ૮૪૬ |
| વરીયાળી | ૧૨૦૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૩૫૦ | ૫૪૦ |
| રીંગણાં | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ફુલાવર | ૪૦૦ | ૫૦૦ |
| કોબીજ | ૪૫૦ | ૫૨૦ |
| ટામેટા | ૫૦૦ | ૭૦૦ |
| સુરણ | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ગાજર | ૪૫૦ | ૫૫૦ |
| દૂધી | ૪૦૦ | ૫૨૦ |
| કારેલા | ૨૫૦ | ૩૫૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| કાકડી | ૫૦૦ | ૬૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ચોળા શીંગ | ૬૦૦ | ૭૦૦ |
| તુરીયા | ૮૦૦ | ૯૦૦ |
| ભીંડો | ૫૦૦ | ૬૦૦ |
| આદુ | ૮૦૦ | ૯૦૦ |
| કોથમીર | ૨૦૦૦ | ૨૮૦૦ |
| મેથીભાજી | ૧૨૦૦ | ૧૫૦૦ |
| ફુદીનો | ૧૦૦૦ | ૧૨૦૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૪૫૦ | ૫૩૦ |
| લીમડો મીઠો | ૧૧૦ | ૧૩૦ |
| મરચા લીલા | ૯૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૬૦૦ | ૯૦૦ |
| ડુંગળી સૂકી | ૫૬૦ | ૯૦૦ |
| મકાઈ | ૨૨૦ | ૩૬૦ |

| | | |
|---|---|---|
| મગફળી લીલી | ૬૦૦ | ૮૦૦ |
| લીંબુ | ૧૮૦૦ | ૨૦૦૦ |
| પાલક | ૧૦૦૦ | ૧૨૦૦ |
| **સાવરકુંડલા** | | |
| કપાસ | ૧૧૪૦ | ૧૬૨૧ |
| શીંગ જીણી | ૧૦૫૧ | ૧૧૨૧ |
| શીંગ મોટી | ૧૧૦૦ | ૧૧૫૧ |
| તલ સફેદ | ૨૦૦૦ | ૨૫૦૭ |
| જીરૂ | ૪૨૦૦ | ૪૬૬૦ |
| ઘઉં લોકવન | ૫૦૦ | ૬૦૦ |
| ઘઉં ટુકડા | ૫૪૦ | ૬૩૪ |
| બાજરો | ૪૦૦ | ૫૦૧ |
| ધાણા | ૯૦૦ | |
| ચણા | ૧૩૦૦ | ૧૪૦૦ |
| સોયાબીન | ૭૮૫ | ૭૮૫ |
| **ભેસાણ** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૬૫૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૭૦ |
| ચણા | ૧૨૦૦ | ૧૫૦૦ |
| મગફળી | ૭૦૦ | ૯૩૫ |
| શિંગ ફાડા | ૮૦૦ | ૧૨૦૦ |
| તલ સફેદ | ૧૫૦૦ | ૨૩૪૨ |
| ધાણા | ૧૦૦૦ | ૧૨૫૧ |
| સોયાબીન | ૭૦૦ | ૮૩૫ |
| **બાબરા** | | |
| કપાસ | ૧૪૭૫ | ૧૬૬૫ |
| જીરૂ | ૪૦૨૫ | ૪૬૨૫ |

| | | |
|---|---|---|
| ઘઉં | ૪૬૫ | ૫૭૫ |
| ચણા | ૧૩૯૨ | ૧૪૫૮ |
| **ધારી** | | |
| ઘઉં | ૪૭૬ | ૫૧૧ |
| ચણા | ૧૧૮૬ | ૧૧૮૬ |
| તલ | ૨૨૦૦ | ૨૨૦૦ |
| ધાણા | ૧૧૬૦ | ૧૧૬૦ |
| મગ | ૧૩૦૦ | ૧૩૦૦ |
| બાજરો | ૪૫૫ | ૪૫૫ |
| તુવેર | ૧૬૧૦ | ૧૬૧૦ |
| સોયાબીન | ૮૩૬ | ૮૩૬ |
| **રાજુલા** | | |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૪૪૪ |
| કપાસ | ૧૨૦૦ | ૧૨૦૦ |
| બાજરો | ૩૬૦ | ૫૩૬ |
| ઘઉં ટુકડા | ૫૧૫ | ૬૦૧ |
| જુવાર | ૭૭૬ | ૮૧૨ |
| ચણા | ૧૩૭૫ | ૧૩૭૫ |
| સોયાબીન | ૮૧૧ | ૮૧૧ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૧૦૦ | ૧૫૦૫ |
| સોયાબીન | ૭૫૫ | ૭૮૦ |
| ઘઉં લોકવન | ૫૦૪ | ૫૫૧ |
| ઘઉં ટુકડા | ૪૮૦ | ૫૩૫ |
| બાજરો | ૩૦૦ | ૩૯૦ |
| જુવાર | ૩૫૦ | ૬૫૦ |
| ધાણા | ૧૦૭૦ | ૧૨૦૦ |

| | | |
|---|---|---|
| ચણા | ૧૨૭૧ | ૧૪૭૧ |
| શીંગદાણા | ૧૪૦૦ | ૧૪૦૦ |
| મગ | ૧૦૨૦ | ૧૦૨૦ |
| મગફળી | ૧૦૦૦ | ૧૦૦૦ |
| તલ સફેદ | ૧૫૪૦ | ૨૨૦૦ |
| **મહુવા** | | |
| એરંડા | ૮૬૦ | ૯૭૧ |
| જુવાર | ૪૦૪ | ૮૨૨ |
| બાજરી | ૪૩૩ | ૫૨૪ |
| ઘઉં ટુકડા | ૪૬૪ | ૬૬૪ |
| મગ | ૧૧૫૫ | ૧૫૩૮ |
| મેથી | ૯૨૦ | ૯૬૮ |
| સોયાબીન | ૮૧૭ | ૮૧૭ |
| ચણા | ૭૦૦ | ૧૪૬૮ |
| તલ સફેદ | ૨૨૦૦ | ૨૫૬૧ |
| તુવેર | ૧૫૦૦ | ૧૫૦૦ |
| અજમા | ૧૭૮૦ | ૨૨૦૦ |
| ડુંગળી લાલ | ૧૮૫ | ૮૩૬ |
| ડુંગળી સફેદ | ૨૫૧ | ૪૯૬ |
| નાળીયેર | ૩૧૫ | ૧૭૦૬ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૦૫૦ | ૧૨૪૨ |
| મગફળી ઘર નં. | ૧૦૦૦ | ૧૧૬૫ |
| બાજરી | ૪૦૦ | ૫૨૮ |
| ઘઉં | ૪૮૦ | ૬૩૦ |
| એરંડા | ૯૫૦ | ૧૧૬૮ |
| સફેદ તલ | ૨૧૭૦ | ૨૫૦૦ |

| | | |
|---|---|---|
| કાળા તલ | ૨૮૦૦ | ૩૪૦૦ |
| સોયાબીન | ૮૨૫ | ૮૩૬ |
| જુવાર | ૬૦૦ | ૮૩૬ |
| અડદ | ૧૧૫૦ | ૧૯૪૦ |
| મગ | ૧૨૫૦ | ૧૭૩૬ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૬૧ |
| **જામનગર** | | |
| કપાસ | ૧૪૦૦ | ૧૫૧૫ |
| જુવાર | ૬૦૦ | ૭૪૦ |
| બાજરો | ૩૦૦ | ૪૭૫ |
| ઘઉં | ૫૦૦ | ૬૧૧ |
| મગ | ૧૨૮૫ | ૧૫૦૦ |
| તુવેર | ૧૫૦૦ | ૧૬૦૦ |
| ચણા | ૧૧૦૦ | ૧૪૯૮ |
| ચણા સફેદ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| મગફળી જીણી | ૧૦૫૦ | ૧૧૦૦ |
| એરંડા | ૧૧૦૦ | ૧૧૭૦ |
| તલ | ૨૨૦૦ | ૨૫૧૦ |
| રાયડો | ૯૫૦ | ૧૦૧૬ |
| રાઈ | ૧૦૦૦ | ૧૩૧૦ |
| લસણ | ૧૨૯૦ | ૫૭૪૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૮૫૦ |
| અજમો | ૧૮૦૦ | ૩૧૦૦ |
| ધાણા | ૧૨૫૦ | ૧૩૫૦ |
| ડુંગળી સૂકી | ૩૫૦ | ૯૦૫ |
| સીંગદાણા | ૧૦૫૦ | ૧૩૬૦ |
| ઈસબગુલ | ૧૫૦૦ | ૨૧૧૦ |





"છપ્પન ઈંચ" : - રોગચાળો 06


# ગુજરાતમાં જળપ્રલય, આ સમસ્યા કેમ નથી ઉકેલાતી ?



ગુજરાતમાં વરસાદે કેર વર્તાવી દીધો.

ગુજરાતમાં સાતમ-આઠમનાં પર્વે શરૂ થયેલી મેઘમહેર ધીરે ધીરે કહેરમાં ફેરવાઈ ગઈ. સળંગ પાંચ દિવસ પડેલા અનરાધાર વરસાદના કારણે રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં જળ પ્રલયની સ્થિતિનું નિર્માણ થઈ ગયું. વડોદરા સૌથી વધારે અસરગ્રસ્ત થયું કે જ્યાં લગભગ આખું શહેર જ પાણીમાં ડૂબી ગયું. વડોદરામાં ત્રણ દિવસ સુધી ભરાયેલાં પાણીના કારણે જીવનજરૂરી ચીજોની અછત સર્જાઈ ગઈ. ચારે તરફ પાણી જ પાણી હતું ને લોકો પાસે પીવાનું જ પાણી નહોતું એવી હાલત થઈ ગઈ.

જો કે બીજે બધે પણ સ્થિતી સારી નથી જ. સૌરાષ્ટ્રમાં રાજકોટ સહિતનાં શહેરોમાં પડેલા ભારે વરસાદે લોકોની હાલત બગાડી નાંખી. જન્માષ્ટમીએ આખા સૌરાષ્ટ્રમાં અનરાધાર ૫ થી ૨૦ ઈંચ સુધીનો વરસાદ ખાબકતાં જળ પ્રલયની સ્થિતી થઈ ગઈ. રાજકોટમાં ૩ દિવસમાં ૧૮ ઈંચથી વધુ વરસાદ ખાબકી જતાં જળબંબાકાર થઈ ગયું અને આર્મીની મદદ લેવી પડી.

દ્વારકા, જામ ખંભાળિયા, ગોંડલ અને પોરબંદર જેવાં શહેરોમાં વરસેલા કલ્પના બહારના વરસાદે લોકોની દશા બગાડી દીધી. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ત્રણ દિવસમાં ૩૬ ઈંચ વરસાદ વરસી ગયા પછી એક દિવસ વરસાદે પોરો ખાધો ને એ પછી દ્વારકામાં વધુ સાત ઈંચ વરસાદ વરસ્યો તેમાં તો પાણી જ પાણી થઈ ગયું. આ ભારે વરસાદના કારણે લોકોના તહેવારો તો બગડ્યા જ પણ જનજીવન પણ અસ્તવ્યસ્ત થઈ ગયું. સૌરાષ્ટ્રમાં મોટાભાગનાં ડેમ ઓવરફ્લો થઈ જતાં નદીઓમાં પૂર આવી ગયાં. કચ્છ પ્રમાણમાં ઓછા વરસાદવાળો પ્રદેશ ગણાય છે પણ આ વખતે કચ્છમાં પણ અનરાધાર વરસાદ વરસ્યો.

ગુજરાતમાં વરસેલા અનહદ વરસાદે એક તરફ કુદરતની અનિશ્ચિતતાનો લોકોને પરચો આપ્યો તો બીજી તરફ આપણે જે વિકાસ માટે ગર્વ અનુભવીએ છીએ, જે વિકાસ જોઈને હરખાઈએ છીએ એ વિકાસની પોલ પણ ખોલી નાંખી. વિઝન વિનાના શાસકો અને આવડત વિનાના અધિકારીઓના ભરોસે ગુજરાત ચાલે છે તેનો ફરી એક વાર પરચો મળી ગયો કેમ કે ગુજરાતમાં દર વરસે આ પ્રકારની સ્થિતી મોટા ભાગના વિસ્તારોમાં સર્જાય છે.

ગુજરાતમાં વરસાદ પડે છે ત્યારે ધોધમાર પડે છે પણ તેનો સંગ્રહ કરવાનું નક્કર આયોજન નથી તેથી મોટા ભાગનું વરસાદી પાણી વેડફાઈ જાય છે.

■■■

ગુજરાતમાં ભારે વરસાદ વખતે લોકોની હાલત બગડે છે એ માટે બે મુખ્ય કારણો જવાબદાર છે.

પહેલું વિકાસના નામે થઈ રહેલું અણઘડ આયોજન.

બીજું વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાનો અભાવ.

ગુજરાત દેશનાં સૌથી વિકસિત રાજ્યોમાં એક મનાય છે પણ આ વિકાસ કેવો છે એ ચોમાસામાં સાબિત થઈ જ જાય છે. ગુજરાતમાં વિકાસના નામે મોટા ભાગનાં શહેરોમાં મૂળ ભૂગોળને બદલી નાંખવામાં આવી છે. દુનિયામાં બધે જ નગર આયોજન એક જ પધ્ધતિથી થાય છે. ઉંચા ટેકરાવાળા વિસ્તારોમાં મહત્તમ બાંધકામો કરાય ને નીચેની તરફ આવતા જાઓ એટલે બાંધકામ ઓછાં થતાં જાય, જળાશયો, બગીચા, ખેતરો મનોરંજનનાં સ્થળો વગેરે હોય. મોટા પ્રમાણમાં ખાલી જગા હોય. વરસાદી પાણી આવવાનું છે એ સનાતન સત્ય છે. આ કારણે વરસાદી પાણીનો બે-ચાર કલાકમાં નિકાલ થઈ જાય ને ભવિષ્યમાં તેનો ઉપયોગ લોકોના ભલા માટે કરી શકાય એ રીતે પહેલાં નગર આયોજનો થતાં.

આ નગર આયોજનની બહુ સરળ પધ્ધતિ છે પણ ગુજરાતમાં સત્તામાં બેઠેલા લોકો અને અધિકારીઓ બંનેને કાં આ વાતની ખબર નથી કાં સ્વાર્થમાં એટલા આંધળા છે કે તેમને કંઈ પડી નથી. આ કારણે તેમણે શહેરોને સપાટ ને કોન્ક્રીટનાં જંગલ બનાવી દીધાં. ખેતરો તોડી નાંખ્યાં ને જ્યાં જગા મળી ત્યાં બાંધકામોને મંજૂરી આપીને કન્સ્ટ્રક્શન કરાવી દીધાં. શહેરોની મૂળ ભૌગોલિક સ્થિતી હતી તેને બદલી નાંખી. વડોદરામાં જ પહેલાં શહેરની વચ્ચે પણ કોતરો હતી. આ કોતરો પૂરીને બાંધકામ કરી દીધાં તેમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ન રહી તેથી પૂર આવી ગયું એવું કહેવાય છે.




બ્રેકિંગ પોઈન્ટ

નેહા શર્મા


આ સ્થિતી બધે જ છે.

શહેરોમાં વરસાદી પાણીના નિકાલ માટેની જે કુદરતી વ્યવસ્થા હતી તે તોડીને વોલ ટુ વોલ બાંધકામ થઈ ગયાં છે. શહેરોમાં ચારે તરફ કોન્ક્રીટ જ કોન્ક્રીટ દેખાય છે. ખુલ્લી જમીન જ નથી કે જ્યાં પાણી ઉતરી શકે ને તેના કારણે પાણીનો નિકાલ કરી શકાય. પહેલાં ખેતરોમાં પાણી ભરાઈ જતાં. હવે અમદાવાદ જેવા શહેરમાં તો ચારેતરફ ૪૦-૫૦ કિલોમીટર લગી ખેતરો જ નથી. ઉંચી બિલ્ડિંગો જ દેખાયા કરે છે.

આ સ્થિતીમાં વરસાદી પાણીનો નિકાલ થતો નથી ને લોકો તેની કિંમત ચૂકવે છે.

■■■

પહેલાં ગ્રામીણ વિસ્તારોમાં પણ વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે પણ નક્કર આયોજન હતું.

ગુજરાતમાં પહેલાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા માટે ભૂગર્ભ ટાંકા બનાવવામાં આવતા, ખેતતલાવડીએ બનાવવામાં આવતી, ગામેગામ બે-ત્રણ તળાવો બનાવવામાં આવતાં. કૂવા રહેતા કે જે વરસાદી પાણીને પોતાનામાં સમાવી લેતા.

અત્યારે સરકાર દ્વારા આ પ્રકારનું નક્કર આયોજન થતું જ નથી. લોકો પોતાની રીતે મથીને પ્રયત્નો કરે છે તેના કારણે સૌરાષ્ટ્રમાં મોટી સંખ્યામાં ચેકડેમ બન્યા, લોકો ખેતરોની જમીનમાંથી થોડી જમીન કાઢીને ખેત તલાવડીઓ બનાવે છે. વરસાદનું પાણી વૈજ્ઞાનિક ઢબે કૂવાઓમાં ઊતારવામાં આવે છે.

હાલમાં પ્રચલિત ધોરીયા બનાવી પાકને પાણી આપવાની પધ્ધતિમાં પાણીનો વ્યાપક બગાડ થાય છે કેમ કે તેમાં માટી ઘણું પાણી પી જાય છે. ટપક સિંચાઈ પધ્ધતિ વડે પાક લેવામાં આવે તો પાણીનો બચાવ થઈ શકે તેમ છે એ વાત સમજીને ખેડૂતો ટપક સિંચાઈ પધ્ધતિ તરફ પણ વળ્યા છે.

ખેડૂત માટે તો પાણી જીવાદોરી છે તેથી ખેડૂતો તો બધું કરે પણ ખરેખર સરકારે મોટા પાયે આ બધું કરવું જોઈએ. ખેડૂતોને આ બધું કરવા માટે પ્રોત્સાહન મળે એ માટે આર્થિક સહાય કરવી જોઈએ. ચેકડેમ, ખેત તલાવડીઓ, કૂવા રિચાર્જિંગ માટે જંગી સબસિડી આપવી જોઈએ પણ એવું કશું થતું નથી.

■■■

આપણા શાસકો ગુજરાતની સરખામણી વિકસિત દેશો સાથે કરીને આપણને ચણાના ઝાડ પર ચડાવે છે. ફલાણા દેશની ઈકોનોમી ડાઉન છે ને આપણે ધમધોકાર પ્રગતિ કરી રહ્યા છીએ એવા દાવા કરીને આપણને એક કેફમાં રાખે છે પણ વિકસિત દેશોની સરખામણીમાં આપણે સાવ પછાત છીએ.

બીજા બધા મુદ્દે વાત કરીશું તો બહુ લાબું થઈ જશે પણ માત્ર વરસાદી પાણીના સંગ્રહની જ વાત કરી લઈએ.

દુનિયાના વિકસિત દેશો પાસે વરસાદના પાણીનો ૨૫૦ ટકા સુધી સંગ્રહ કરવાની ક્ષમતા છે. અમેરિકા, જાપાન, બ્રિટન, જર્મની, ફ્રાન્સ સહિતના દેશો તેમને ત્યાં પડતા વરસાદના એક-એક ટીપાનો સંગ્રહ કરે છે ને તેનો ઉપયોગ પણ કરે છે. ભારતમાં આવી કોઈ વ્યવસ્થા નથી ને તેથી પાણીની ખેંચ ઉભી ને ઉભી જ રહે છે. આપણે આજેય વરસાદના પાણીનો સંગ્રહ કરવા માટે વરસો પહેલાં બંધાયેલા બંધો પર જ નિર્ભર છીએ.

ભારતમાં ૫૦૦૦ જેટલા મોટા અને મધ્યમ કક્ષાના બંધ છે. આ તમામ બંધમાં નદીઓનાં પાણી આવે છે. વરસાદ પડે ત્યારે સીધું પાણી પડે એ તેમાં આવે છે પણ બીજે પડેલા વરસાદનો સંગ્રહ કરીને તેને આ બંધોમાં લાવવાની વ્યવસ્થા આપણી પાસે નથી. તેના કારણે વરસાદનું પાણી વેડફાઈ જાય છે ને ઉનાળો આવતાં આવતાં આપણા મોટા ભાગના ડેમ સૂકાભઠ્ઠ થઈ જાય છે. આ બહુ મોટી સમસ્યા છે પણ તેનો કોઈ ઉપાય નથી.

એક સામાન્ય સમજ છે કે, વરસાદનું પાણી યોગ્ય રીતે જમીનમાં ઉતરે તો જળનાં તળ ઉપર આવે અને આ પાણીનો ઉપયોગ ઉનાળામાં કરી શકાય.

કમનસીબે વરસાદી પાણીનો યોગ્ય ઉપયોગ કરવાના મુદ્દે આપણે સાવ ભોટ છીએ. તેના કારણે આપણે જળતરબોળ હોવા છતાં પાણીની અછતથી કાયમી રીતે પિડાતો દેશ બની ગયા છીએ.

ભારતમાં ચોમાસામાં પૂરતો વરસાદ પડે છે. આપણે ૧૪૦ કરોડથી વધુ હોવા છતાં આખા દેશને ખપ પૂરતો વરસાદ પડે જ છે. ભારતમાં વરસાદ દ્વારા દર વર્ષે ૨૫૩ અબજ ક્યૂબિક મીટર પાણી પ્રાપ્ત થાય છે પણ તેમાંથી માત્ર ૮ ટકા પાણીનો જ આપણે સંગ્રહ કરી શકીએ છીએ. બાકીનું ૯૨ ટકા પાણી વેડફાઈ જાય છે.

ગુજરાતમાં પણ આ જ હાલત છે તેથી સ્થિતી સુધરતી નથી. ■


sanjogpurti@gmail.com


# સરદાર વલ્લભભાઇ પટેલ યુનિવર્સિટી ઊંચાઇ પ્રાપ્ત કરી રહી છે...

મધ્ય ગુજરાતના હાર્દ સમા મિલ્ક સીટી આણંદ શહેરમાં વલ્લભ વિદ્યાનગર શૈક્ષણિક નગરી તરીકે સમગ્ર વિશ્વમાં જાણીતી છે. ભાઈકાકા અને સરદાર વલ્લભભાઈ પટેલના સ્વપ્નનું આણંદ વિવિધ ક્ષેત્રે પ્રગતિ કરી રહ્યું છે. જેમના નામથી યુનિવર્સિટી ચાલે છે તેવા સરદાર વલ્લભભાઈ પટેલ કરમસદના કર્મયોગી અને અખંડ ભારતના સર્જકની ગરિમાને યુનિવર્સિટીના કુલપતિ ડો. નિરંજનભાઈ પટેલ વિવિધ રચનાત્મક, શૈક્ષણિક, સાંસ્કૃતિક, આધ્યાત્મિક અને પર્યાવરણક્ષેત્રે સેવાકીય કાર્યો તેમના માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યા છે. યુનિવર્સિટીનું અક્રેડીયેશન વૃદ્ધિ અને વિકાસ પામે તેવા પ્રયત્ન થઈ રહ્યા છે. યુનિવર્સિટી સંલગ્ન કોલેજો વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપે સાથે સાથે સ્કીલ બેઝ કૌશલ્યતા કેળવે તેવા વિવિધ સાંસ્કૃતિક અને સર્જનાત્મક કાર્યો યુનિવર્સિટીના માર્ગદર્શન હેઠળ સતત થઈ રહ્યા છે. સમગ્ર વિશ્વનો ગંભીર પ્રશ્ન હોય તો તે પર્યાવરણનો છે. ચરોતરનો પ્રદેશ ફળ, ફૂલ અને વનસ્પતિથી ફુલ્યો ફાલ્યો છે. તેની જમીન ફળદ્રુપતા માટે જાણીતી છે. વૃક્ષોનો વિકાસ સારા પ્રમાણમાં થાય અને લોકોમાં સામાજિક વનીકરણની ભાવના કેળવાય તે હેતુથી તે સમયે યુનિવર્સિટીમાં વિવિધ જે બિલ્ડીંગો બન્યા છે તેની આજુબાજુ પર્યાવરણના સંરક્ષણ અને રક્ષણ માટે વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલું છે. તે વૃક્ષો આજે યુનિવર્સિટીને હરિયાળી ગ્રીન સિટી તરફ કુચ કરવાની પ્રેરણા આપે છે. આજે પણ વૃક્ષારોપણ અને ''વૃક્ષ બચાવો'', ''એક વૃક્ષ મેરી મા કે નામ'' કાર્યક્રમ થકી વૃક્ષોના રોપા અપાય અને વવાય છે. જેમાં સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર માટે તે એક પ્રભાવશાળી સિદ્ધિ છે! ઈન્ટરનેશનલ ગ્રીન યુનિવર્સિટી એવોર્ડ એવી સંસ્થાઓને માન્યતા આપે છે જે ટકાઉપણું અને પર્યાવરણીય જવાબદારી પ્રત્યે અસાધારણ પ્રતિબદ્ધતા દર્શાવે છે. આ સન્માન ગ્રીન પ્રેક્ટિસ અને ટકાઉ વિકાસને પ્રોત્સાહન આપવા માટે યુનિવર્સિટીના પ્રયત્નોને પ્રકાશિત કરે છે. પ્રાઉડ મોમેન્ટ, એચીવમેન્ટ ગ્રીન યુનિવર્સિટી એવોર્ડ, સરદાર પટેલ યુનિવર્સિટીને ૨૦૨૪ એવોર્ડ પ્રાપ્ત થયો છે. જે આપ સૌ માટે ગૌરવની બાબત છે. ચરોતર પંથક અને ગુજરાત રાજ્ય માટે આનંદના સમાચાર છે કે વલ્લભ વિદ્યાનગર સ્થિત સરદાર પટેલ યુનિવર્સિટીની આંતરાષ્ટ્રીય ગ્રીન યુનિવર્સિટી એવોર્ડ ૨૦૨૪ માટે પસંદગી કરવામાં આવી છે. સંયુક્ત રાષ્ટ્ર મહાસભાના કલાઈમેટ વિક ન્યુયોર્ક કાર્યક્રમના ભાગ રૂપે ગ્રીન મેન્ટર્સ દ્વારા સપ્ટેમ્બર માસમાં યોજવામાં આવનાર ગ્રીન સ્કૂલ કોન્ફરન્સમાં આ એવોર્ડ એનાયત કરવામાં આવશે. સંયુક્ત રાષ્ટ્રના **ECOSOC** સાથે કન્સલટેટીવ સ્ટેટસ ધરાવતી ગ્રીન મેન્ટર્સ સંસ્થા દ્વારા સરદાર પટેલ યુનિ. ની ટકાઉ વિકાસ અંતર્ગત કામગીરીની સ્ક્રૂટિની કરવામાં આવેલ હતી. જેમાં રીસર્ચમાં પબ્લિકેશન, ગાઈડન્સ, પ્રોજેક્ટ, કોન્ફરન્સમાં ભાગીદારી વગેરે, તેમજ શિક્ષણમાં નવીનતા, એક્ટેન્શન, કૉમ્યુનિટી માટેના કાર્યક્રમો વગેરેનો સમાવેશ થાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રીન મેન્ટર્સ, યુનાઈટેડ સ્ટેટ્સ અને ભારતમાં નોંધાયેલ ટકાઉ શિક્ષણ માટે સમર્પિત આંતરરાષ્ટ્રીય સંસ્થા છે. આ ઈવેન્ટ સમિટ ઓફ ધ ફ્યુચર સાથે જોડાયેલી છે અને યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીની ભાગીદારીમાં આયોજિત ક્લાઈમેટ વીક એનવાયસીની સત્તાવાર ઈવેન્ટ છે. આ કોન્ફરન્સ ૨૩-૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૪ના રોજ ન્યૂયોર્કમાં કોર્નેલ યુનિવર્સિટીની આઇ એલ આર સ્કૂલ ખાતે યોજાશે. સરદાર પટેલ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફે. નિરંજનભાઈ પટેલે આ અંગે આનંદની લાગણી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે સરદાર પટેલ યુનિવર્સિટીએ તેના સ્થાપકોએ શરૂ કરેલ ટકાઉ વિકાસની દિશામાં સતત કાર્યરત છે અને નવાં સોપાનો સર કરી દિશા સૂચક કાર્ય કરવા કટિબદ્ધ છે તે ગૌરવની બાબત છે. તેમણે ઉમેર્યું કે સરદાર પટેલ યુનિવર્સિટી દેશની તેમજ વિશ્વની શિક્ષણ સંસ્થાઓને ટકાઉ વિકાસમાં નેતૃત્વ પૂરું પાડવાની ક્ષમતા ધરાવે છે. યુનિવર્સિટીના કુલસચિવ ડૉ ભાઈલાલભાઈ પટેલે આ પ્રસંગે હર્ષની લાગણી વ્યક્ત કરી છે સાથે યુનિ.ના **IQAC** ના કોર્ડીનેટર પ્રોફે. કિરીટ લાડ અને ગ્રીન ઓડિટના કોર્ડીનેટર ડૉ. વિભા વૈષ્ણવ તેમજ આ માટે પ્રદાન કરનાર સહુ અધ્યાપકો અને વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા છે. ડો. નિરંજનભાઈ પટેલ દીર્ઘદ્રષ્ટા અને શિક્ષણજીવ છે. પર્યાવરણ થતી પ્રાકૃતિક સંવર્ધન થાય તે માટે તેઓ સ્વયં અંગત રસ લઈ યુનિવર્સિટીની ગ્રીનરી વ્યાપક બને તેવા પ્રયત્નો કરે છે. યુનિવર્સિટીઓના જે ભવનો આવેલા છે તેના એચઓડી સંપર્ક સાથે સંવર્ધન કરવાની આત્મીયતા કેળવે છે. યુનિવર્સિટીઓ માત્ર શિક્ષણ ક્ષેત્રે જ ક્રાંતિ કરે તે જરૂરી છે પરંતુ દેશના ટકાઉ વિકાસ માટે પ્રદૂષણ મુક્ત અને પર્યાવરણ સાથે મૈત્રીપૂર્ણ વ્યવહાર કેળવવો એ સૌથી અગત્યનું શિક્ષણ છે. તે બાબતને આત્મસાત કરવા માટે સતત કટિબદ્ધ રહે છે. યુનિવર્સિટી દ્વારા વિવિધ જ્ઞાન સત્રોની શિબિરો યોજીને ગુજરાતના પદ્મશ્રી, પદ્મવિભૂષણ સાહિત્યકારોને આમંત્રિત કરીને જાહેર કાર્યક્રમ યોજે છે. તેમના જ્ઞાનનો લાભ યુનિવર્સિટીના પ્રોફેસરો, બાળકો અને આમંત્રિતોને મળે એ થકી તેમનામાં કંઈક નવું કરવાની જીજીવિષા જાગે તેવા રચનાત્મક કાર્યો યુનિવર્સિટીના કુલપતિ સતત કરી રહ્યા છે. કઠોર પરિશ્રમનો કોઈ વિકલ્પ હોતો નથી. માત્ર કર્મ એ જ ધર્મ છે. પોતાની ફરજને ધર્મ સમજી સરદાર પટેલ યુનિવર્સિટીને વિવિધ કાર્યો થકી સિદ્ધિ અને ઊંચાઈ આપી રહ્યા છે. યુનિવર્સિટીઓનું કામ એકેડેમી હોય છે. પરંતુ શિક્ષણના ક્ષેત્રે વધુ વ્યાપકતા અને વિશાળતા આવે તેવા રચનાત્મક અને સકારાત્મક કાર્ય કરી રહ્યા છે. આજે વિશ્વ ગુજરાતી ભાષા દિવસ છે. થોડા સમય પહેલા પદ્મશ્રી ભીખુદાન ગઢવીને બોલાવી લોકસાહિત્યની પરંપરાને જીવંત કરવાનો સાર્થક પ્રયાસ કર્યો હતો. ડો. નિરંજનભાઈ પટેલ (કુલપતિ) પોતે વેદોની ભાષા સંસ્કૃતના જ્ઞાતા છે. વિવિધ યુનિવર્સિટીઓમાં સંસ્કૃત ભાષાના અનેક સંશોધન પેપરો રજૂ કરી ચૂક્યા છે. સંસ્કૃતના કવિ કાલિદાસે કહ્યું છે કે "મનુષ્ય ઉત્સવ પ્રિય હોય છે" આ બાબત તેમના વ્યક્તિત્વમાં જોવા મળી છે. સાંસ્કૃતિક પ્રવૃત્તિ થકી યુવાનોમાં કૌશલ્યતા કેળવાય છે. ભારત સરકારના વિવિધ પ્રોજેક્ટોને પરિપૂર્ણ કરવા માટે કટિબદ્ધ રહે છે. સમયસર કાર્ય થાય તેવા પ્રયત્ન કરે છે. મૃદુ અને સૌજન્યશીલ વ્યક્તિત્વ ધરાવતા, વામનથી વિરાટ વ્યક્તિત્વ તેમનામાં મેં જોયું છે.










સામાજિક અને શૈક્ષણિક

વિપુલ.ડી. પટેલ

(રાજ્ય શ્રેષ્ઠ શિક્ષક એવોર્ડ)


સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગર આણંદમાં અનેક સાંસ્કૃતિક વિરાસત તેમજ શૈક્ષણિક શિબિરો થકી વિવિધ અપેક્ષિત આયામો પૂર્ણ કરી રહ્યા છે. સ્વચ્છતા, શિક્ષણ અને રાષ્ટ્રવાદ આ ક્ષેત્રે યુનિવર્સિટી આગળ વધી રહી છે.

સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦ મી જન્મજયંતિ માટે વિશાળ ફલક ઉપર આયોજન થઈ રહ્યું છે. કાર્ય થકી કુશળતા તે તેમનો આદર્શ રહ્યો છે. સતત ફાઈલોમાં ગુંથાયેલા થયેલા હોવા છતાં શિક્ષણ ક્ષેત્રે કાર્યરત રહેવાની તેમની આવડત સલામને પાત્ર છે. સંબંધો જાળવવા અને કેળવવા તેમની આગવી આવડત છે. સરદાર પટેલ યુનિવર્સિટી આવા અનેક એવોર્ડ્સ પ્રાપ્ત કરે તેવી શુભકામના પાઠવું છું. રાજ્ય સરકારના શિક્ષણ વિભાગે કુલપતિ તરીકેની વિશેષ જવાબદારી ડો. નિરંજનભાઈ પટેલને આપી છે તેને સતત સાકાર કરવા માટે પ્રતિબદ્ધ રહે છે. આપ સાહેબ આગળ વધો, અમે બધા તમારી સાથે છીએ.


■ Mo.9825702282


# વ્યવસ્થિત રીતે ઊંઘવાની કલા



ઠીક છે, ચાલો ઊંઘની કળા વિશે વાત કરીએ! હવે, હું જાણું છું કે તમે શું વિચારી રહ્યા છો - "સૂઈ રહ્યા છો? તે સરળ છે! તમે ફક્ત તમારી આંખો બંધ કરો અને ઊંઘી જાઓ, બરાબર?" સારું, મારા મિત્ર, તે લાગે છે તેટલું સરળ નથી. સ્લીપિંગ એ એક કળાનું સ્વરૂપ છે જેમાં પ્રેક્ટિસ, ટેકનિક અને થોડી ચતુરાઈની જરૂર હોય છે.

પ્રથમ, સંપૂર્ણ ઊંઘનું વાતાવરણ બનાવવું નિર્ણાયક છે. તમારે હૂંફાળા અને આરામદાયક પલંગની જરૂર છે, જેમાં ગાદલું તમારા માથાને ગળે લગાડતા રુંવાટીવાળું વાદળો જેવું લાગે છે. અને ધાબળા વિશે ભૂલશો નહીં! હૂંફ અને શ્વાસ લેવાની ક્ષમતા વચ્ચે યોગ્ય સંતુલન શોધવું એ ચાવીરૂપ છે.


ધીસ ઇઝ ઘેટ

નારન બારૈયા


હવે, ચાલો સૂવાના સમયની દિનચર્યાના મહત્વ વિશે વાત કરીએ. જેમ કોઈ કલાકાર માસ્ટરપીસ શરૂ કરતા પહેલા તેમનો કેનવાસ તૈયાર કરે છે, તેમ તમારે તમારા શરીર અને મનને ઊંઘ માટે તૈયાર કરવાની જરૂર છે. લાઈટને મંદ કરો, તે ઈલેક્ટ્રોનિક ઉપકરણોને દૂર કરો (હા, હું તમને જોઈ રહ્યો છું, સ્માર્ટફોન વ્યસની), અને પુસ્તક વાંચવા અથવા ગરમ સ્નાન કરવા જેવી આરામની પ્રવૃત્તિઓમાં વ્યસ્ત રહો. તમારા શરીરને દિવસની ધમાલમાંથી સપનાના શાંતિપૂર્ણ ક્ષેત્રમાં સંક્રમણ કરવા માટે સમયની જરૂર છે.

આહ, સારા ગાદલાનું મીઠું આલિંગન. આ એ છે જ્યાં જાદુ થાય છે. ધીસ ઈઝ ઘેટ. તમારું ગાદલું તમારી ઊંઘનું અભયારણ્ય હોવું જોઈએ, જે આધાર અને આરામનું સંપૂર્ણ સંતુલન પ્રદાન કરે છે. ભલે તમે એક મજબૂત ગાદલું પસંદ કરો જે તમારી કરોડરજ્જુને સંરેખિત રાખે અથવા એક સુંવાળપનો કે જે વાદળ પર સૂવા જેવું લાગે, તમારા માટે યોગ્ય ફિટ શોધવું આવશ્યક છે. વિવિધ વિકલ્પો અજમાવવામાં ડરશો નહીં - છેવટે, આ એ છે જ્યાં તમે તમારા જીવનનો સારો ભાગ વિતાવશો! તમે જાણો છો કે હું શેના વિશે વાત કરી રહ્યો છું - કરવા માટેની સૂચિઓ, દસ વર્ષ પહેલાંની શરમજનક ક્ષણો અને અચાનક અનુભૂતિ કે તમે આગળના દરવાજાને તાળું મારવાનું ભૂલી ગયા છો. તે વિચારોને કાબૂમાં લેવાનો સમય છે! એક તકનીક જે અજાયબીઓનું કામ કરે છે તે માઈન્ડફુલનેસ મેડિટેશન છે. તમારા શ્વાસ પર ધ્યાન કેન્દ્રિત કરો, તે રેસિંગ વિચારોને છોડી દો અને તમારી જાતને શાંતિની સ્થિતિમાં જવા દો. સારી ઓલ' પાવરફૂલ નિદ્રાની શક્તિ વિશે ભૂલશો નહીં. કેટલીકવાર, જીવન માર્ગમાં આવે છે, અને સંપૂર્ણ રાતની ઊંઘ શક્ય નથી. જ્યારે પાવરફૂલ નિદ્રા બચાવ માટે આવે છે. એક શાંત સ્થળ શોધો, ૨૦-૩૦ મિનિટ માટે એલાર્મ સેટ કરો અને તમારી જાતને રિચાર્જ થવા દો. વધુ પડતી ઊંઘ ન આવે અને જાગી ન જાવ તેની કાળજી રાખો - કોઈને તે જોઈતું નથી! હવે તમે જાણો છો કે સૂવું એ માત્ર ભૌતિક પ્રવૃત્તિ નથી. તે એક કલા સ્વરૂપ છે જેમાં વિગતવાર ધ્યાન, સુખદ વાતાવરણ અને થોડી પ્રેક્ટિસની જરૂર છે. તેથી આગળ વધો, સૂવાની કળા અપનાવો, અને તમારા સપના ઉનાળાની સાંજે શાંત સૂર્યાસ્ત જેવા શાંતિપૂર્ણ રહે. ■


naranbaraiya277@gmail.com

# ગલગોટામાંથી દૈનિક આવક મેળવો



આ પુષ્પછોડનું મૂળ વતન મેક્સિકો દેશ છે. ભારતમાં છેલ્લાં ૪૦૦ વર્ષથી સર્વત્ર બાગબગીચાઓ તથા ઘર આંગણામાં ગલગોટા વવાય છે. જે પોર્ટૂગીઝ દ્વારા આપણા દેશમાં સૌપ્રથમ વાર લાવવામાં આવેલ હતા. આજના સમયમાં રોજીંદી આવક મેળવવા માટેનું માધ્યમ છે. ગલગોટાને અંગ્રેજીમાં ''મેરીગોલ્ડ'' કહેવામાં આવે છે. ગુજરાતીમાં તે ''હજારીગલ'' તરીકે પણ ઓળખાય છે. ગલગોટાનું સંસ્કૃત નામ '' સ્થુલ પુષ્પ '' છે, જે ઐશ્વર્યમાં વિશ્વાસ અને વિઘ્નોને દૂર કરવાની ઈચ્છાશકિતનું પ્રતિક છે. ગલગોટા તેની સરળ ખેતી પધ્ધતિ, ભિન્ન ભિન્ન જમીન અને આબોહવાને અનુકૂળ થવાની શકિત, આખા વર્ષ દરમ્યાન કરી શકાતી ખેતી, ફૂલોની લાંબી મોસમ, ઉત્તમ પ્રકારનાં લાંબી ટકાઉશકિત અને આકર્ષક રંગોવાળા ફૂલોને લીધે આપણા દેશમાં સૌથી વધુ લોકપ્રિય અને લોકભોગ્ય બન્યા છે. ગલગોટા તેના નારંગી અને પીળા રંગ પરનાં પ્રભુત્વને કારણે ધાર્મિક વિધિઓમાં, શણગાર, ફૂલોની સુશોભિત રંગોળી બનાવવા માટે છુટા ફૂલનાં રૂપમાં ઉપયોગમાં લેવામાં આવે છે. તેના ફૂલોના રંગ, કદ અને આકાર તેમજ છોડનાં કદ અને વિકાસમાં રહેલ વૈવિધ્યતાને લીધે બગીચામાં સુશોભિત ફૂલછોડ તરીકે પણ આગવું સ્થાન ધરાવે છે. શાકભાજી પાકોમાં મૂળના કૃમિ તેમજ નુકસાનકારક લીલી ઈયળને આવતી રોકે છે. વળી, ગલગોટાના ફૂલોમાં લ્યુટીન નામનો કુદરતી કલર આવેલ છે. સામાન્ય રીતે ગલગોટાની ખેતી આપણા દેશમાં મુખ્યત્વે મહારાષ્ટ્ર, કર્ણાટક, ગુજરાત, આંધપ્રદેશ, તમિલનાડુ અને મધ્યપ્રદેશમાં કરવામાં આવે છે.



વૈવિધ્ય
ડો. હેમાંગી ડી. મહેતા, ડૉ. નેહા તિવારી
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર
કે.વી.કે – અમરેલી- જે.એ.યુ.જૂનાગઢ

સામાન્ય રીતે ગલગોટાના બે પ્રકાર જોવા મળે છે : ફ્રેંચ મેરીગોલ્ડ અથવા ગલગોટી : તેના છોડ ઠીંગણા ૨૫ થી ૩૦ સે.મી. ઉંચાઈના, ફૂલો નાના કદનાં પરંતુ મોટી સંખ્યામાં અને પીળા, નારંગી, લાલ, કથ્થઈ રંગોના મિશ્રણ વાળા જોવા મળે છે. જેનો ઉપયોગ બાગ બગીચાના સુશોભિત ફૂલ છોડ તરીકે મુખ્યત્વે કરવામાં આવે છે. આ ગલગોટાના પ્રકારમાં બટર સ્કોચ, રસ્ટીરેટ વગેરે મુખ્ય જાતો છે.

આફ્રિકન મેરીગોલ્ડ : આફ્રિકન મેરીગોલ્ડના છોડ ૬૦ થી ૯૦ સે.મી ઉંચા, ફૂલ મોટા કદના, પીળા, નારંગી કે આછા પીળા રંગવાળા અને સારી ટકાઉશકિત ધરાવે છે. આ વર્ગમાં તેના ફૂલોના રંગ, કદ અને આકાર પ્રમાણે વિવિધ જાતો છે. જેવી કે, જાયન્ટ, ક્રાયસેન્થીમમ ચાર્મ, હનીકોમ્બ, કલાયમેકસ તેમજ સફેદ રંગના ફૂલો ધરાવતી સ્નો બર્ડ નામની જાત પણ વિકસાવવામાં આવેલ છે. વળી, આઈ.એ.આર. આઈ. નવી દિલ્હીથી બે હાઈબ્રીડ જાતો પુસા નારંગી ગેંદા અને પુસા બસંતી ગેંદા બહાર પાડવામાં આવેલ છે જે ગુજરાતમાં પણ સફળતા પૂર્વક ઉછેરી શકાય છે. ગલગોટાને આપણા વિસ્તારની બધા જ પ્રકારની આબોહવા માફક આવતી હોઈ વર્ષની ત્રણેય ઋતુમાં ઉછેરી શકાય છે. છતાં શિયાળાનું માફકસરનું ઠંડુ હવામાન અને ટૂંકા દિવસનો ખુલ્લો સૂર્યપ્રકાશ ફૂલ ઉત્પાદન માટે વધારે સાનુકૂળ માલુમ પડેલ છે. શિયાળામાં છોડનો વિકાસ ખૂબ જ ઓછો જોવા મળે છે, પરંતુ ઉત્તમ ગુણવત્તા (રંગ, કદ અને આકાર) વાળા ફૂલોનું ઉત્પાદન મળે છે. જયારે ઉનાળા અને ચોમાસામાં ઉંચું ઉષ્ણતામાન અને લાંબા દિવસને લીધે પુષ્પકળી ભેદીકરણની ક્રિયામાં વિક્ષેપ પડવાથી વાનસ્પતિક વૃધ્ધિ ખૂબ જ વધુ થાય છે. પરિણામે ફૂલો ઉતરતી કક્ષાનાં અને ઓછું ઉત્પાદન આપે છે અને છોડની ઢળી પડવાની તકલીફ વધારે જોવા મળે છે. ગલગોટાને બધા જ પ્રકારની હલકીથી ભારે કાળી જમીનમાં સારી રીતે ઉછેરી શકાય છે. ગલગોટાને સારા નિતારવાળી ફળદ્રુપ, ગોરાડુ અને જેનો પી.એચ. આંક ૭.૦ થી ૭.૫ હોય તેવી જમીન ખૂબ જ માફક આવે છે. જમીનની તૈયારી કરતી વખતે હેકટર દીઠ ૨૦ થી ૨૫ ટન સારુ કોહવાયેલું છાણિયુ ખાતર જમીનમાં મેળવી દેવું. ગલગોટાના સારા ઉત્પાદન માટે પ્રતિ હેકટરે ૨૦૦ કિલો નાઈટ્રોજન, ૧૦૦ કિલો ફોસ્ફરસ અને ૧૦૦ કિલો પોટાશ તત્વના રૂપમાં આપવું. જેમાં નાઈટ્રોજનનો અડધો જથ્થો અને ફોસ્ફરસ અને પોટાશનો પુરેપુરો જથ્થો જમીન તૈયાર કરતી વખતે ફેરરોપણી પહેલા આપવો. જયારે નાઈટ્રોજનનો બાકીનો અડધો જથ્થો ફેરરોપણી બાદ ૪૫ દિવસ પછી છોડની ફરતે ગોડ મારી રીંગમાં આપવો. ગલગોટાના ફૂલો છોડ પરથી પૂરેપૂરા ખીલે ત્યારે ઉતારવા જોઈએ. ફૂલો ઉતારવાનું કામ વહેલી સવારે અથવા સાંજે પરંતુ ઠંડા પહોરમાં કરવું હિતાવહ છે. ફૂલો વિણવાના આગલા દિવસે પિયત આપવાથી ફૂલોની ટકાઉ શક્તિ વધે છે. છુટા ફૂલોને ઉતાર્યા બાદ શણની કોથળીમાં અથવા વાંસના ટોપલામાં ભરીને બજારે મોકલવા જોઈએ. છોડ ઉપરથી નિયમિત ફૂલો ચુંટવાથી છોડની ઉત્પાદન ક્ષમતા વધે છે. ગલગોટાના ફૂલોને સામાન્ય રીતે ચુંટતી વખતે જ અલગ અલગ રંગ પ્રમાણે વર્ગીકરણ કરવામાં આવે છે. તદઉપરાંત તેના કદ અને જાત પ્રમાણે પણ અલગ રાખી શકાય. સિંગલ ફૂલ અને ગુચ્છાદાર (ડબલ) ફૂલોને અલગ અલગ ચુંટી વર્ગીકરણ કરવાથી ભાવ સારા મળે છે. છુટાં ફૂલોને ઉતાર્યા બાદ તુરત જ બજારમાં મોકલવા જોઈએ. બજાર દૂર હોય તો વાંસના ટોપલામાં પાણીમાં પલાળેલ મસલીન કાપડમાં ફૂલોને મૂકી પેકીંગ કરવું જોઈએ.

ફૂલોનું ઉત્પાદન: ગલગોટામાં ઉત્પાદનનો આધાર તેની જાત, ઋતુ, વાવેતર પદ્ધતિ, રોપણી અંતર અને ખાતર - પાણીની માવજત ઉપર આધાર રાખે છે. છતાં સામાન્ય સંજોગોમાં આફ્રિકન મેરીગોલ્ડ (ગલગોટા) નું ઉત્પાદન ૧૨ થી ૧૫ ટન પ્રતિ હેકટર લઈ શકાય છે.

■ hemangidmehta@gmail.com

# રોગચાળો




રમેશચંદ્ર રાવલ.

જિલ્લા મથકેથી પંદરેક કિલોમીટર દૂર ઓઘડનું ગામ આવેલું.

નાનાં એવાં ગામમાં એક વખત રોગચાળો ફાટી નીકળ્યો. ઘેર ઘેર તાવના ખાટલાં ઢળાયા.

ગામના સરપંચ ઓઘડભાઈ અને જીવીને ચિંતા થવા લાગી.

ગ્રામ પંચાયતના સદસ્યોની સાથે એક મિટિંગ કરી અને વિચારણા કરી. તાલુકા પંચાયત કચેરીએ જાણ કરવાનું નક્કી થયું.

ઓઘડભાઈ અને એક સદસ્ય જમી કારવીને નીકળ્યા તાલુકા પંચાયત કચેરી જવા. કચેરીમાં ટી.ડી.ઓ.સાહેબને રોગચાળા બાબતે વિગતવાર વાતચીત કરી. તેમણે જિલ્લા આરોગ્ય અધિકારીને આ વિષે માહિતી આપી અને આગળની કાર્યવાહી માટે જરુરી પગલાં લેવા માટે વિનંતી કરી.



"છપ્પન ઈંચ"
કાળુભાઇ ભાડ

મામલાની ગંભીરતા જાણીને આરોગ્ય વિભાગની ટીમ મારતી ગાડીએ આવી પહોંચી.

ગ્રામ પંચાયતની ઓફિસે ઓઘડભાઈને બોલાવ્યા. કેટલાક દર્દીઓને ઘરે જઈને તપાસવામાં આવ્યા. દવા ઈન્જેક્શન વિગેરે સારવાર આપવામાં આવી.

એકાદ બે દિવસ આવી સારવાર ચાલી. ન તો તાવમાં ફેર પડયો. ના રોગચાળો અટક્યો.

ઉલટાના દસ બાર કેસનો વધારો થયો અને દસ બાર કેસ મોટાં શહેરમાં રીફર કરવાં પડ્યાં.

ડોક્ટરોની ટીમ ખડેપગે હતી છતાંય તાવ હટવાનું નામ નથી લેતો.

ગામલોકોને ચિંતા થવા લાગી.કે..,જો આમને આમ ચાલ્યું તો ગામ ખાલી થઈ જશે અને રોગચાળો વધું વકર્યો તો આજુબાજુનાં ગામને પણ રોગ ભરડો લઈ શકે છે.

ગામની ચિંતા જોઈને ઓઘડ અને જીવીને દસગણી વધારે ચિંતા થવા લાગી.

'વિજ્ઞાન આટ -આટલું આગળ વધ્યું છે છતાંય એક તાવ નામનો રોગ પકડાતો નથી?? કોઈ દવા કારગત નિવડતી નથી?? હે.. ભગવાન..! આ બધું શું થવા બેઠું છે..!??'

જીવીએ માથે હાથ દઈને ચિંતાનો સરવાળો ભેગો કર્યો.

એ આમથી તેમ આંટા -ફેરા કરવા લાગી.

'ડોક્ટરોની કારી ફાવતી નથી. દવા એનું કામ કરતી નથી. રિપોર્ટ બધા નોર્મલ જેવા આવે છે તો પછી આ તાવ છે કયો?? અને આવ્યો છે ક્યાંથી??

એનું પગેરું શોધવું પડશે.'

જીવીને ક્યાંય ચેન પડતું નહોતું. એ ઘડીવારે 'ય પગ વાળીને બેસતી નહોતી.

ગોળી, હાંડો, ગાગર અને સિસણીયું લઈને એ નીકળી પડી.

ગામ લોકોને જ્યાંથી પાણી પૂરું પાડવામાં આવતું હતું તે કૂવાની તપાસ કરી.

ગાગરને ડોકે સિસણીયું બાંધી ગાગરને ઊંડા કૂવામાં ઉતારી. બે ચાર હલેસાં મારી સિસણીયું ભારે લાગ્યું, એટલે ઉપર ખેંચવાનું શરું કર્યું. પાણી ભરેલી ગાગર ઉપર આવી અને જીવીને આશ્ચર્ય થયું. પાણીમાંથી દુર્ગંધ આવતી હોય એમ લાગ્યું. આ દુર્ગંધ કૂવાની જ છે એ નક્કી કર્યું.

જીવીએ ગામમાં આવી ડોક્ટરો સહિત બધાને આ વાત કહી. અને સૌ આવી પૂગ્યાં પાણી છેડે.

એક ડોલ કૂવામાં ઉતારીને કૂવાનું પાણી બહાર કાઢ્યું તો!

પાણી સાથે ડોલ તીડથી ભરેલી જોઈને બધાંને ખૂબ જ નવાઈ લાગી!.

રોગચાળાનું કારણ હવે નજર સામે હતું. ગામમાંથી ખાટલો મંગાવીને કૂવામાં ઉતારવામાં આવ્યો. બે વ્યક્તિઓને પણ સૂંડલા સાથે ખાટલા ઉપર ઉતાર્યા.

અસંખ્ય તીડનો ઢગલો જોઈને ગામ લોકો સાથે ડોક્ટરોની ટીમ બધા આભા બની ગયા.

સૌ વિચારવા લાગ્યાં કે આટલા બધા ટીડડા કૂવામાં આવ્યાં ક્યાંથી !.?

જીવી બોલી,"આપણે કૂવાની ઓરડીના ખૂણે જે લેમ્પ લટકાવી રાખ્યો છે. લાઈટ છે કે નહીં તે દૂરથી દેખાય એટલાં માટે. એ લેમ્પ દિવસ રાત સતત ચાલુ જ હોય છે. એને લીધે આ ટીડડા સાંજે પ્રકાશથી પ્રભાવિત થઈને કૂવામાં પડ્યાં હશે !"

પછી તો આરોગ્યની ટીમે કૂવો સાફસૂફ કરાવ્યો. કૂવાના પાણીનો નિકાલ કરાવ્યો. કૂવામાં દવા નાખવામાં આવી. નવા પાણી આવ્યાં.

આખા ગામમાં જાણ કરવામાં આવી, કે પીવાના પાણીના ગોળામાં પાણી ભર્યું હોય તે ખાલી કરી નાખવું અને હવે આવેલું નવું પાણી ભરવું.

દૂષિત પાણી પીવાને લીધે ઘેર ઘેર માંદગી ફેલાઈ હતી અને તાવ વકર્યો હતો.

છપ્પનની છાતી ધરાવતાં ઓઘડ અને જીવીની કાળજી અને જાગૃતિને કારણે ગામમાંથી રોગચાળો ગયો અને ઘરે ઘરે લાપસીના આંધણ મૂકાણા.

મૂળ વાર્તા:- રમેશચંદ્ર એમ. રાવલ. બગસરા.

રી રાઈટ :- કાળુભાઈ ભાડ, અમરેલી. ■ sanjogpurti@gmail.com

# ચાલો...વિઘ્નહર્તા ગણપતિના દર્શને (૧)

મહારાષ્ટ્ર રાજ્યમાં ૮ અલગ-અલગ સ્થળ પર ગણપતિ દાદાના પાવન મંદિરો આવેલાં છે. આ ૮ ગણપતિ મંદિર એટલે, અષ્ટવિનાયક મંદિરો જે સ્વયંભૂ છે. મયૂરેશ્વર મંદિર ( મોરગાંવ), ચિંતામણિ વિનાયક મંદિર ( થેઉર ), મહાગણપતિ મંદિર ( રાજણગાંવ ), સિદ્ધિવિનાયક મંદિર ( સિદ્ધટેક ), વિઘ્નેશ્વર મંદિર ( ઓઝર ), ગિરિજાત્મજ મંદિર ( લેણ્યાદ્રી ), બલ્લાળેશ્વર મંદિર ( પાલી ), વરદ વિનાયક મંદિર ( મહાડ)....ગણપતિ દાદાના મંદિરની યાત્રાને અષ્ટવિનાયક યાત્રા કહે છે.

(૧) ચિંતામણિ વિનાયક મંદિર ( થેઉર ) :



મહારાષ્ટ્રના પૂના જિલ્લાના હવેલી તાલુકાના થેઉર ગામમાં મૂળા-મૂઠા નદી કિનારે ચિંતામણિ વિનાયક મંદિર આવેલું છે. અહીં ગણપતિ દાદાની મૂર્તિએ ગળામાં ચિંતામણિ રત્ન ધારણ કરેલું હોવાથી તેઓ ચિંતામણિના નામે ઓળખાય છે. ચિંતામણિ વિનાયકના આ મંદિરનું મુખ્ય પ્રવેશદ્વાર ઉત્તરાભિમુખ છે. અહીં ભગવાન ચિંતામણિની ડાબી સૂંઢ ધરાવતી મૂર્તિ પૂર્વાભિમુખ પલાંઠીવાળીને બિરાજમાન છે. મંદિરનો સભાખંડ કાષ્ઠમાંથી અને પ્રાચીન કલાત્મક કોતરણીસભર બનાવેલો છે.

પૂનાથી થેઉરનું અંતર આશરે ૧૪ કિમી જેટલું છે. આ મંદિરે પહોંચવા માટે પૂનાથી બસ સુવિધા મળી રહે છે.

(૨) ગિરિજાત્મજ મંદિર ( લેણ્યાદ્રી ) :



મહારાષ્ટ્રના પૂનાથી લગભગ ૬૦ કિ.મી.ના અંતરે લેણ્યાદ્રી પર્વત પર આવેલી બૌદ્ધકાલીન ગુફાઓમાં આવેલું ગિરિજાત્મજ મંદિર પોતાના નયનરમ્ય વિસ્તારને કારણે હરિયાળું લાગે છે. આ ગિરિજાત્મજ મંદિર બૌદ્ધ મૂળની ૧૮ ગુફાના ગુફા સંકુલની વચ્ચે નિર્માણ પામેલું છે. આ મંદિર ૮મી ગુફાની મધ્યમાં આવેલું છે. આ મંદિર ગણેશ-લેનીના નામે પણ ઓળખાય છે.

કુદરતી સૌંદર્ય અને રમણીય વાતાવરણમાં આવેલું આ મંદિર ૫૦ ફૂટ પહોળું અને ૬૦ ફૂટ લાંબું છે, મંદિરની ખાસ વિશેષતા એ છે કે, જે કોઈપણ સ્તંભના આધાર વગર અડીખમ ઊભેલું છે. 'ગિરિજાત્મજ વિનાયક'ના નામે બિરાજમાન ગણપતિ દાદાની મૂર્તિ ગુફાની દિવાલ પર સુંદર રીતે કંડારેલી છે, જે ઉત્તરાભિમુખ છે. પહાડી સુધી પહોચવા માટે આશરે ૩૨૫ જેટલાં પગથિયાં ચઢવા પડે છે, ત્યારે તમે ગુફા સુધી પહોંચી શકો છે. અહીંની દરેક ગુફાની સામ્યતા અજંતાની ગુફા જેવી છે. શ્રદ્ધાળુઓ અહીં દર્શન કરી ધન્યતા અનુભવે છે.

લેણ્યાદ્રી પૂનાથી ૯૪ કિ.મી.ના અંતરે આવેલું છે. પૂનાથી તાલીગાલ વાયા જુન્નર સુધી સડકમાર્ગે જઈ, ત્યાંથી બસ દ્વારા પહોંચાય છે. પૂના-નાસિક હાઈવેથી ચકના, રાજગુરૂનગર, મંચર થઈ નારાયણગાંવ પહોંચાય છે. નારાયણગાંવથી જુન્નર રોડ થઈ લેણ્યાદ્રી પહોંચાય છે.



(૩) મયૂરેશ્વર મંદિર ( મોરગાંવ ) :

મહારાષ્ટ્રના પૂણે જિલ્લાના પુરંદર તાલુકામાં મોરગાંવની મધ્યમાં આવેલા મયૂરેશ્વર મંદિરમાં આજે પણ મોરના ટહુકા સંભળાય છે. મયૂરેશ્વર આકારમાં મોર પર સવારી કરતા ગણપતિ દાદાની મૂર્તિએ આ સ્થળે સિંધુ રાક્ષસનો વધ કર્યો હોવાનું મનાય છે. પ્રાચીન કથા મુજબ આ સ્થળે અસંખ્ય મોર વસતા હતા અને ભગવાન ગણપતિએ અસુરોનો વિનાશ મોર પર બિરાજમાન થઈને કર્યો હોવાથી આ સ્થળ મયૂરેશ્વર કે મોરેશ્વરના નામથી ઓળખાય છે. ગામની પાસે જ કર્હા નદીના જળ અવિરત વહ્યા કરે છે.

ગણપતિના આ મંદિરની ભવ્યતા અદભુત છે. કાળા પથ્થરમાંથી નિર્માણ પામેલા આ મંદિરમાં ૪ દરવાજા છે, મંદિરના ચારેય ખૂણામાં સ્તંભ આવેલા છે, તથા મંદિરની આઠેય દિશામાં ગણપતિ દાદાના આઠ સ્વરૂપની પ્રતિમા સ્થાપિત કરાયેલી છે. મંદિરના ગર્ભગૃહમાં ભગવાન મયૂરેશ્વરની ડાબી સૂંઢવાળી પૂર્વાભિમુખ પ્રસન્ન મુદ્રા ધરાવતી મૂર્તિ છે. મૂર્તિની બંને બાજુએ રિદ્ધિ-સિદ્ધિની ધાતુની સુંદર મૂર્તિઓ આવેલી છે. તેની સામે ગણપતિના વાહન ઉંદર અને મોરની પ્રતિમાઓ દર્શનીય છે.

સડક માર્ગે પૂનાથી મોરગાંવ આશરે ૬૭ કિમીના અંતરે આવેલું છે. રેલમાર્ગે જંજુરી તથા નીરા સુધી જઈ, ત્યાંથી સડક માર્ગે મોરગાંવ જવું પડે છે.

(૪) વિઘ્નેશ્વર મંદિર ( ઓઝર ) :



મહારાષ્ટ્રના જુન્નર તાલુકાના ઓઝર ગામમાં કુકડી નદીના કિનારે આવેલા વિઘ્નેશ્વર મંદિરેથી શિવનેરી કિલ્લા તથા લેણ્યાદ્રી પર્વતની હરિયાળીને માણી શકાય છે. આ મંદિર અષ્ટવિનાયક મંદિરોમાં સૌથી વધુ સમૃદ્ધ મંદિર છે. આ મંદિરનું શિખર સોનાનું બનેલું છે તથા મંદિરની ચારેબાજુ પથ્થરની દીવાલ કરાયેલી છે. મંદિરમાં વિઘ્નેશ્વર વિનાયકની મૂર્તિ પૂર્વાભિમુખ અને ડાબી સૂંઢવાળી છે. વિઘ્નેશ્વર દાદાની બંને બાજુ પર રિદ્ધિ- સિદ્ધિની મૂર્તિઓ સ્થાપિત કરાયેલી છે. ભાવિક ભક્તો વિઘ્નેશ્વર દાદાના દર્શનમાત્રથી પોતાનાં દરેક પ્રકારનાં દુઃખ ભૂલી જાય છે. અહીં કાર્તિક પૂર્ણિમાના દિવસે મેળો ભરાય છે તેમજ ૪ દિવસ સુધી ઉત્સવ ઊજવાય છે.

વિઘ્નેશ્વર મંદિરે પહોંચવા માટે સડકમાર્ગે મુંબઈ, પૂનાથી નારાયણગાંવ સુધી જઈ શકાય છે. નારાયણગાંવથી આશરે ૧૨ કિ.મી.ના અંતરે ઓઝાર ગામ આવેલું છે. પૂનાથી ઓઝાર લગભગ ૮૫ કિ.મી.ના અંતરે આવેલું છે.



પ્રવાસનામા
જયસ્વી પટેલ
■ sanjogpurti@gmail.com

# કીડીઓની રોમાંચક સફર



'આ પાંદડા પર બેસી જાઉં તો નદીના પાણીમાં હિલોળા લેવાની મજ્જા પડી જાય.' - નદીના વહેતા પાણીમાં તણાતા પાંદડાને જોઈ કીડીએ વિચાર્યું.

નદીકિનારે એક ઝાડ. એના થડની નજીક એક કીડીયારું. એમાં ઘણી બધી કીડીઓ રહે. કીડીઓનો સ્વભાવ જ એવો કે જરાય જંપીને બેસે નહિ. આમતેમ ફર્યા કરવું એ જ એમનું કામ. એક વખત એક કીડીએ નદીમાં તણાતાં પાંદડાને જોયું અને એને પાંદડામાંથી હોડી બનાવવાનો વિચાર આવ્યો. પછી એણે એક સુંદર મજાનું પાંદડું શોધી કાઢ્યું. એણે પોતાના સાથીદારોને આ વાત કરી. સૌને આ વાત ખૂબ ગમી. બધાં ભેગાં મળી પાંદડામાંથી હોડી બનાવવા લાગ્યાં.

કીડીઓની આ બધી મથામણ એક વડીલ કીડી જોઈ રહી હતી. એણે પૂછ્યું, 'તમે આ શું કરી રહ્યાં છે.'

'અમે પાંદડામાંથી હોડી બનાવી રહ્યાં છીએ. જેમાં બેસી અમે નદીમાં ફરવા જઈશું.' - બધી કીડીઓ એકસાથે બોલી ઊઠી.

'મારું માનો તો મારી તમને એક સલાહ છે.'



રે વાર્તા!
મનીષ સુથાર

'હા... હા... કહો... કહો... તમે કહો એ અમારા કામનું ને લાભનું જ હશે.'

'જુઓ, પાંદડું ખૂબ જ હલકું હોય. કદાચ નદીના પ્રવાહમાં એ તૂટી જાય કે ડૂબી જાય તો તમે મુશ્કેલીમાં મૂકાઈ જશો ને ડૂબી જશો.'

'હં...' - બધી કીડીઓ વિચારમાં પડી. એમણે તરત વડીલ કીડીને ઉપાય પૂછ્યો.

'જાવ, તમે એક નારિયેળની કાછલી શોધી કાઢો. તે ઘણી મજબૂત હોય છે. એમાંથી હોડી બનાવવી ખુબ સરળ પડશે. એમાં એક સઢ પણ બનાવજો. જે તમને નદીના પાણીમાં હોડી હંકારવામાં મદદરૂપ થશે.'

વડીલ કીડીની વાત કીડીઓના ગળે ઊતરી. તે બધી તરત કાછલી શોધવા નીકળી પડી. જોતજોતામાં તેઓ કાછલી લઈને આવી ગઈ. બધાએ ભેગા મળી વડીલ કીડીની સલાહ મુજબ સરસ મજાની હોડી તૈયાર કરી દીધી.

કીડીઓમાં ઘણો રોમાંચ હતો. આખરે નદીમાં ફરવાનું તેમનું સ્વપ્ન પૂરું થવાનું હતું. વડીલ કીડીએ સૌ કીડીઓને સુંદર હોડી તૈયાર કરવા બદલ અભિનંદન આપ્યા.

એક સવારે સૌ કીડીઓ પોતાની હોડીમાં સફર કરવા તૈયાર થઈ ગઈ. તેમણે જરૂરી તૈયારી કરી લીધી હતી. હોડીને પાણીમાં મૂકી સૌ તેમાં બેસી ગયાં. ધીમેધીમે હોડી પાણીમાં સરકવા ને તરવા લાગી. સઢમાં પવન ભરાતાં હોડીએ વધુ ગતિ પકડી. કીડીઓ ખુશખુશાલ હતી.

પાણીમાં ફરતી માછલીઓ અને હિલોળા લેતા પાણીમાં છબછબિયાં કરતાં તેઓ આગળ વધી રહ્યાં હતાં. વળાંકો લેતી નદી ને ઊછળકૂદ કરતા પાણીમાં તેઓ ગજબનો રોમાંચ અનુભવી રહ્યાં હતાં. આગળનો પડાવ થોડો મુશ્કેલ હતો. આગળ એક ઊંચા પહાડ પરથી નદી નીચે જતી હતી. આ ધોધમાંથી હેમખેમ પસાર થવું ખરેખર એક પડકાર હતો.

ધીમેધીમે હોડીની ગતિ વધી રહી હતી. સૌ આ પડકારને ઝીલવા તૈયાર હતાં. સૌએ સઢના દોરડાને બરાબર પકડી લીધું. સૌએ હિંમત એકઠી કરી. એટલામાં તીવ્ર ગતિથી હોડી પાણીના પ્રવાહમાં ખેંચાઈ ને ઊંચા પહાડ પરથી પાણીના પ્રચંડ પ્રવાહમાં તણાઈ. બધી કીડીઓએ ઘડીક ડર અનુભવ્યો. પાણીના પ્રચંડ વેગમાં હાલકડોલક કરતી એમની હોડી પાણી સાથે નીચે પટકાઈ. પણ એમની તૈયારી ને ધીરજ થકી હોડી આ ધોધમાંથી હેમખેમ પસાર થઈ ગઈ. કીડીઓ માટે આ એક રોમાંચક ને યાદગાર અનુભવ હતો. તેઓ ખુબ ફર્યા, આનંદ કર્યો. ધીમેધીમે સૂર્યાસ્ત થઈ રહ્યો હતો. સૌએ પોતાની સફર પુરી કરવાનું નક્કી કર્યું અને સૌ પાછાં ફર્યાં. ■ Mo 9099172177

આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# દક્ષિણ ગુજરાતમાં બારે મેઘ ખાંગા: ભરૂચ પંથકમાં આભ ફાટતા ૧૧ ઈંચ વરસાદથી જળબંબાકાર

(એ.આર.એલ),ગાંધીનગર,તા.૦૩



ગુજરાતમાં આજે પણ મેઘાની જમાવટ યથાવત છે. સવારે બે કલાકમાં ૧૨૫ તાલુકામાં વરસાદ વરસ્યો. તો ભરૂચના નેત્રંગમાં ૩ ઈંચ વરસ્યો. ગઈકાલે ૧૨ ઈંચ ખાબક્યા બાદ આજે પણ ૩ ઈંચ વરસાદ નોંધાયો. સવારે પણ દક્ષિણ ગુજરાતમાં તોફાની વરસાદ જોવા મળ્યો. સુરતના માંગરોળ, ઉમરપાડામાં ૨થી અઢી ઈંચ પડ્યો. નવસારીમાં ધીરે ધીરે પૂરના પાણી ઓસરી રહ્યાં છે. પરંતુ ભરૂચના વાલિયા પંથકમાં ૧૧.૮૮ ઈંચ વરસાદથી જળબંબાકાર થયો છે. ૧૪ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકી જતા સર્વત્ર પાણી જ પાણી છે. ભરૂચના વાલિયા પંથકમાં ૧૧.૮૮ ઈંચ વરસાદ ખાબકતા પૂર જેવી સ્થિતિ બની. ૧૪ કલાકમાં ૧૧ ઈંચ વરસાદ ખાબકી જતા સર્વત્ર જળબંબાકાર થયો છે. મુખ્ય બજાર અને લોકોના ઘરમાં પાણી ભરાયા છે. ભરૂચના વાલિયા પંથકમાં મુશળધાર વરસાદ પડી રહ્યો છે. તો વાહન વ્યવહાર બંધ કરાયો છે.

# આંધ્ર-તેલંગાણામાં વરસાદને કારણે રેલ સેવાને અસર, ૪૩૨ ટ્રેનો રદ

હૈદરાબાદ,તા.૦૩



તેલંગાણા અને આંધ્રપ્રદેશમાં મુશળધાર વરસાદને કારણે અત્યાર સુધીમાં ૩૧ લોકોના મોત થયા છે. આ ઉપરાંત રોડ અને રેલવે ટ્રેક જેવા વાહનવ્યવહારના સાધનોને પણ નુકસાન થયું છે. હજારો એકર ખેતીની જમીન પાણીમાં ડૂબી ગઈ છે અને બચાવ અને પુનર્વસન કાર્ય માટે એજન્સીઓને તૈનાત કરવામાં આવી છે. તેલુગુભાષી બંને રાજ્યો સોમવારે વરસાદથી પ્રભાવિત થયા હતા. વરસાદ સંબંધિત ઘટનાઓમાં તેલંગાણામાં ૧૬ અને પડોશી આંધ્ર પ્રદેશમાં ૧૫ લોકોના મોત થયા છે. તેલંગાણામાં સમુદ્રમ પાસે રેલવે ટ્રેક નીચે કાંકરીનો એક ભાગ પૂરના પાણીને કારણે ધોવાઈ ગયો હતો. આંધ્ર પ્રદેશમાં લગભગ ૪.૫ લાખ લોકો પ્રભાવિત થયા છે. વિજયવાડામાં લોકોને દૂધ સહિતની આવશ્યક ચીજવસ્તુઓ મેળવવા માટે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડી રહ્યો છે. સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લાઓમાં ગુંટુર, કૃષ્ણા, એલુરુ, પલાનાડુ, બાપટલા અને પ્રકાશમનો સમાવેશ થાય છે.

# કેનેડાથી પગપાળા સરહદ પાર કરી અમેરિકામાં ઘુસણખોરી કરતા ભારતીયોની સંખ્યા વધી

ટોરેન્ટો,તા.૦૩

કેનેડાથી અમેરિકામાં ગેરકાયદેસર રીતે પ્રવેશતા ભારતીય નાગરિકોની સંખ્યા અભૂતપૂર્વ સ્તરે પહોંચી ગઈ છે, જેના કારણે કેનેડાની વિઝા પ્રક્રિયાની સંપૂર્ણ સમીક્ષા કરવાની માંગ કરવામાં આવી છે. વધુમાં, કેનેડામાં પ્રવાસ કરતા ઘણા ભારતીય પ્રવાસીઓ યુકેમાં સ્ટોપઓવર દરમિયાન આશ્રય માંગે છે, જે યુકે માટે પણ ગંભીર ચિંતાનો વિષય બનાવે છે. યુએસ કસ્ટમ્સ એન્ડ બોર્ડર પ્રોટેક્શન દ્વારા બહાર પાડવામાં આવેલા તાજેતરના ડેટા અનુસાર, ૫,૧૫૨ ભારતીય નાગરિકો પગપાળા કેનેડાથી સરહદ પાર કરીને જૂન ૨૦૨૪ માં ગેરકાયદેસર રીતે યુએસમાં પ્રવેશ્યા હતા. આ આંકડો અત્યાર સુધીના તમામ રેકોર્ડને પાર કરી ગયો છે. ડિસેમ્બર ૨૦૨૩ થી, કેનેડાના માર્ગે યુએસમાં પ્રવેશનારા ભારતીય નાગરિકોની સંખ્યા મેક્સિકોથી વધી જશે, જે યુ.એસ. માં ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ માટે પરંપરાગત માર્ગ છે.

# ભારત સાથે પૂર્વ પીએમ શેખ હસીનાએ કરેલા કરાર બાંગ્લાદેશની વચગાળાની સરકાર તોડે તેવી શક્યતા

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૦૩



બાંગ્લાદેશમાં મોહમ્મદ યુનુસના નેતૃત્વમાં વચગાળાની સરકાર બની ત્યારે સવાલો ઉઠવા લાગ્યા કે શું ભારત સાથેના સંબંધો પહેલા જેવા જ રહેશે? જો કે યુનુસ સરકાર તરફથી પ્રથમ નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે તેઓ ભારત સાથે સકારાત્મક સંબંધો જાળવી રાખવા માંગે છે. પરંતુ તેમની સરકારનો તાજેતરનો નિર્ણય તેનાથી વિપરીત જણાય છે. હકીકતમાં યુનુસ સરકારના વિદેશ સલાહકારે કહ્યું છે કે સરકાર ભારત સાથે થયેલા એમઓયુની સમીક્ષા કરી શકે છે. વચગાળાની સરકારના વિદેશ સલાહકાર તૌહીદ હુસૈને કહ્યું છે કે જો શેખ હસીનાના કાર્યકાળ દરમિયાન થયેલા એમઓયુ બાંગ્લાદેશ માટે ફાયદાકારક ન હોય તો તેને રદ કરી શકાય છે. રિપોર્ટ્સમાં સૂત્રોના હવાલાથી કહેવામાં આવ્યું છે કે બાંગ્લાદેશની નવી સરકાર માને છે કે શેખ હસીના ભારતની નજીક રહી છે અને તેણે ભારતને ફાયદો કરાવવા એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

# નર્મદા ડેમની જળ સપાટીમાં સતત વધારો, ૧૩૪.૭૩ મીટર પહોંચતા ૧૫ દરવાજા ખોલાયા

(એ.આર.એલ),અમદાવાદ,તા.૦૩

હવામાન વિભાગની આગાહી વચ્ચે ગુજરાતના અનેક જિલ્લાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. નર્મદા ડેમની જળ સપાટીમાં સતત વધારો થયો છે. નર્મદા ડેમની જળ સપાટી ૧૩૪.૭૩ મીટર પર પહોંચી છે. નર્મદા ડેમમાંથી પાણીની આવક વધતા ડેમના ૧૫ દરવાજા ૨ મીટર ખોલવામાં આવ્યા છે.

દરવાજા ખોલી ૨ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે. પાવર હાઉસ મારફતે ૪૫ હજાર ક્યુસેક પાણી નદીમાં છોડયુ છે. નદીમાં કુલ ૨ લાખ ૪૫ હજાર ક્યુસેક પાણી છોડવામાં આવ્યુ છે. નર્મદા જિલ્લામાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭ ઈંચ વરસાદ વરસ્યો છે.

બીજી તરફ સાબરકાંઠામાં સાર્વત્રિક વરસાદી માહોલથી ડેમમાં નવા નીરની આવક થઈ છે. જિલ્લાના મુખ્ય જળાશયોમાં પાણીની આવક નોંધાઈ છે. ધરોઈ, ગુહાઈ, હાથમતી અને હરણાવ ડેમમાં નવા નીરની આવક જોવા મળી છે.

# ધોરાજીમાં નબળા રસ્તા મામલે કોંગ્રેસ દ્વારા રજૂઆતનો નવતર પ્રયોગ

ધોરાજી,તા.૦૪

ધોરાજીમાં નબળા અને કમ્મર તોડ રસ્તાના કારણે નાગરિકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે. આ રસ્તાનું રીપેરીંગ કરવાની માગણી કરવા છતાં તંત્ર દ્વારા પ્રજાનો અવાજ સાંભળવામાં આવતો નથી તેવી ફરિયાદ થઈ રહી છે. રસ્તાની આવી બિસ્માર પરિસ્થિતિમાં અનેક લોક ફરિયાદ અને રાજકીય પક્ષોની રજૂઆત છતાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં ન આવતાં કોંગ્રેસ દ્વારા ફરીથી રજૂઆતનો એક નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો. ધોરાજી શહેર કોંગ્રેસ દ્વારા તાલુકા સેવા સદન અને વિવિધ મુખ્ય માર્ગો પર બેનર લગાવી લોક જાગૃતિ અને રજૂઆતનો નવતર સમન્વય કરાયો હતો. શહેર કોંગ્રેસ પ્રમુખ દિનેશ વોરાએ જણાવ્યું હતું કે કોંગ્રેસ દ્વારા બેનરમાં લખાયું હતું કે, "સરકારી તંત્ર ખાડા નહીં પૂરે, તમારી સુરક્ષા તમારા હાથે, હેલ્મેટ પહેરો સુરક્ષિત રહો." દિનેશ વોરાએ જણાવ્યું હતું કે, ધોરાજીના નબળા રોડ રસ્તાને કારણે લોકો હાલાકી ભોગવી રહ્યાં છે. અકસ્માતના નાના મોટા બનાવો બની રહ્યાં છે. લોકોની સમસ્યા તંત્ર સાંભળતું નથી અને ચૂંટાયેલા પ્રતિનિધિઓને સરકારી અધિકારીઓ ગાંઠતા ન હોય તેવું લાગી રહ્યું છે. ધોરાજીમાં રસ્તાના મામલે સત્વરે કાર્યવાહી થાય તેવી લોક માગણી પ્રવર્તી રહી છે.

# રાજયમાં ૮ સપ્ટે. સુધી ઉજવાશે ચક્ષુદાન પખવાડિયું

ગાંધીનગર,તા.૦૩

ભારતમાં રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિ ખામી નિયંત્રણ અંતર્ગત આંખના વિવિધ રોગોને કારણે આવતા અંધત્વને રોકવા તેમજ ચક્ષુદાન અંગે જાગૃતિ ફેલાવવા માટેના પ્રયાસો કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા ખભેથી ખભો મિલાવીને હાથ ધરવામાં આવી રહ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલના સતત માર્ગદર્શન હેઠળ દૃષ્ટિહીન લોકોના જીવનમાં ઉજાસ પાથરવાના ઉમદા આશયથી રાજ્યભરમાં ૩૯મું ચક્ષુદાન પખવાડિયું તા. ૦૮ સપ્ટેમ્બર સુધી ઉજવાશે. છેલ્લા દાયકામાં રાજ્યમાં દર વર્ષે સરેરાશ ૭ લાખ જેટલા મોતિયાના ઓપરેશન કરવામાં આવ્યા છે. સાથે જ, હાલ રાજ્યમાં પ્રતિ ૧૦ લાખ વસ્તીને ૧૦ હજારથી વધુ મોતિયાના ઓપરેશનનો દર હાંસલ કરીને રાજ્ય અગ્રેસર રહ્યું છે. ગુજરાત સરકારે ફેબ્રુઆરી ૨૦૨૨મા 'મોતિયા અંધત્વ બેકલોગ મુક્ત ગુજરાત' અભિયાનને વધુ વેગ



આપી મહાઅભિયાન બનાવ્યું છે અને આ કરનાર ગુજરાત સમગ્ર દેશમાં પહેલું રાજ્ય છે.

"મોતિયા અંધત્વ બેકલોગ મુક્ત ગુજરાત" કાર્યક્રમ અંતર્ગત વર્ષ ૨૦૨૨ જાન્યુઆરીમાં રાજ્યમાં કાર્યરત ૧,૪૭૬ પ્રાથમિક, ૩૩૩ અર્બન, ૩૪૭ જેટલા સામૂહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ફરજ બજાવતા મેડિકલ ઓફિસરને તેમજ ૫૦ હજારથી જેટલી આશા બહેનોને ખાસ તાલીમ આપવામાં આવેલ છે. આ ઉપરાંત, રાજ્યના દરેક પ્રાથમિક આરોગ્ય કેન્દ્રને રાજયની ૧ રીઝયોનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપ્થલ્મોલોજી, ૨૨ મેડિકલ કૉલેજ, ૨૨ જિલ્લા હોસ્પિટલ, ૩૬ તાલુકા કક્ષાની હોસ્પિટલ અને ૧૨૮ સ્વૈચ્છિક સંસ્થાઓ પૈકી એક સંસ્થા ખાતે લીંક અપ કરવામાં આવેલ છે. આ ઉપરાંત રાજ્યમાં સરકાર હસ્તકની હોસ્પિટલો તેમજ રાષ્ટ્રીય અંધત્વ અને દૃષ્ટિ ખામી નિયંત્રણ કાર્યક્રમ સાથે સંકળાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ ખાતે મોતિયાના ઓપરેશનની જરૂરીયાત ધરાવતા દરેક દર્દીને ફેકોઈમ્લસીફીકેશન પદ્ધતિથી અત્યંત આધુનીક હાઈડ્રોફોબીક નેત્રમણિ સાથેનું ઓપરેશન વિના-મૂલ્યે કરી આપવામાં આવે છે. જેનો ખાનગી હોસ્પિટલમાં ખર્ચ અંદાજીત રૂ. ૬૦ થી ૮૦ હજાર જેટલો થતો હોય છે.

# ધોરાજી શહેરમાં ભારે વરસાદ બાદ રોડ રસ્તાની કફોડી હાલત

ધોરાજી, તા.૦૩



તસવીર : નયન ફુહાડીયા

ધોરાજી શહેરમાં ભારે વરસાદ બાદ રોડ રસ્તાની સ્થિતિ વધુ કફોડી બની છે. ધોરાજીમાં પ્રવેશવાના મુખ્ય માર્ગોમાં ઉપલેટા રોડ, જૂનાગઢ રોડ, જેતપુર રોડ, જામકંડોરણા રોડ અને ધોરાજી શહેરમાં વિવિધ મુખ્ય રસ્તાઓ અને સોસાયટીઓમાં રોડ રસ્તાની હાલત અત્યંત કફોડી બની છે. જન્માષ્ટમીના પર્વ પર પણ મસમોટા ખાડા પરથી શોભાયાત્રાએ પસાર થવું પડ્યું હતું. ત્યારે હાલ વરસાદ થંભી ગયા બાદ પણ રોડ રસ્તાના કામો શરૂ ન થતા લોકોમાં તંત્ર પરત્વે નારાજગી વ્યાપી રહી છે. બીજી તરફ ધોરાજી શહેર કોંગ્રેસના પ્રમુખ દિનેશભાઈ વોરાએ જણાવ્યું હતું કે વહીવટદારના શાસન હેઠળ નગરપાલિકા તંત્ર પ્રજાના પ્રાથમિક અને આવશ્યક કામો કરવામાં નિષ્ફળ નીવડી છે.

ધોરાજી શહેરમાં માત્ર રોડ રસ્તાના જ પ્રશ્નો છે એવું નથી શહેરમાં ઠેર ઠેર કચરાના ઢગલા અને ગંદકી ફેલાઈ રહી છે જેને કારણે જન આરોગ્ય પર ખતરો મંડાઈ રહ્યો છે.

# અમરેલી જિલ્લાના પ્રગતિશીલ ખેડૂતો સાથે દિલીપ સંઘાણીનો ૮ સપ્ટેમ્બરે સંવાદ યોજાશે

અમરેલી,તા.૦૩

કૃષિ અને ગ્રામ્ય વિકાસ પરિષદના માધ્યમ થકી અમરેલી જિલ્લાના સર્વાંગી વિકાસ માટે પ્રયત્નોની શરૂઆત કરવામાં આવી છે. જ્ઞાતિ-જાતિ કે રાજકીય ભેદભાવ વિના ખેતી, ગામડાઓ, ખેતમજૂરો, દરિયાઈ વિકાસ, ઉદ્યોગોના વિકાસ માટે અમરેલી જિલ્લાની જનતાને સાથે લઈને સતત અને સફળ પ્રયત્ન કરાશે. ભાંગતા ગામડાઓ અને સ્થળાંતર કરતા લોકોને સ્થાનિક કક્ષાએ વિકાસ અને સલામતીનું વાતાવરણ મળે તે માટેની પહેલ ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીએ કરી છે. અમરેલી જિલ્લો ખેતી આધારિત છે જયાં સિંચાઈની સવલત અને બાગાયતી વિસ્તાર છે તેવા વિસ્તારો માટે સરકારની વિવિધ યોજનાઓ અને કૃષિ વૈજ્ઞાનિકોના માર્ગદર્શન સાથે આગળ વધવા માગતા ખેડૂતોને મદદરૂપ બનાવવામાં



આવશે ઉપરાંત ખારાપાટ વિસ્તારના ખેડૂતો માટે જમીન અને પાણીના પૃથ્થકરણ સાથે દેશ અને વિશ્વના આ પ્રકારની જમીન અને પાણી ધરાવતા વિસ્તારોમાં થતી ખેતીની માહિતી આપી ખારાપાટ વિસ્તારના ગામડાઓને બેઠા કરવા પ્રયત્ન થશે. આ માટે ૦૮ સપ્ટેમ્બરના રોજ અમરેલી અમર ડેરી ખાતે અમરેલી જિલ્લાના પ્રગતીશીલ ખેડૂતો સાથે દિલીપભાઈ સંઘાણી સંવાદ કરીને મદદરૂપ થવાના પ્રયત્નો હાથ ધરશે તેમ કૃષિ અને ગ્રામ વિકાસ પરિષદના માધ્યમથી અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા અને હિરેનભાઈ હિરપરાએ જણાવેલ છે.

---

**///- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં. /૨૦૨૪

પ્રતિ
શ્રી હરજીભાઈ સીદીભાઈ રાઠોડ
રહે. માઢવાડ, ગામ- માઢવાડ, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
...અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ ....સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામા આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના માઢવાડ ગામના રહીશ શ્રી હરજીભાઈ સીદીભાઈ રાઠોડ તથા ધનીબેન હરજીભાઈ રાઠોડની પુત્રી કંચન હરજીભાઈ રાઠોડ નો જન્મ તા.૧૧/૦૪/૨૦૦૦નાં રોજ કોડીનાર તાલુકાના માઢવાડ ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના માઢવાડ ગામના સને ૨૦૦૦ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૯/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

સહી
(એન.જી.રાદડીયા)
તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**///- તાલુકા એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ સાહેબ - કોડીનારની કોર્ટમાં //-**

નં.જન્મ/કેસ/રજી.નં. /૨૦૨૪

પ્રતિ
શ્રી લખીબેન જીવાભાઈ બામણીયા
રહે. કોટડા, ગામ- કોટડા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી, એન.એમ. જાદવ, રહે. કોડીનાર ...અરજદાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી, વેલણ, તાલુકો-કોડીનાર, જિલ્લો- ગીર સોમનાથ ....સામાવાળા

**-જાહેર નોટીસ-**

આથી લાગતા વળગતાઓને આ નોટીસથી જાણ કરવામા આવે છે કે, ગીર સોમનાથ જિલ્લાના કોડીનાર તાલુકાના કોટડા ગામના રહીશ શ્રી જીવાભાઈ લખમણભાઈ બામણીયા તથા શ્રી રતનબેન જીવાભાઈ બામણીયાની પુત્રી શ્રી રતનબેન જીવાભાઈ બામણીયા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૫નાં રોજ કોડીનાર તાલુકાના કોટડા ગામ ખાતે થયેલ છે. જેની જન્મની નોંધ કોડીનાર તાલુકાના કોટડા ગામના સને ૧૯૯૫ ના જન્મ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળાને જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૯/૦૯/૨૦૨૪ના રોજ ૧૧:૦૦ કલાકે વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

આજ તા.૨૯/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિકકો કરીને આપ્યા.

સહી
(એન.જી.રાદડીયા)
તાલુકા એકજીકયુટીવ મેજીસ્ટ્રેટ, કોડીનાર

---

**-//એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી.નં.૫૬/૨૦૨૪

**અરજદાર** :- શ્રી રાજબેન વા/ઓફ ઉમેદભારથી ગોસ્વામી
રહે.ઈંગરોળા, તા.બાબરા, જિ.અમરેલી

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી-કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.મોટા માંડવડા, તા/જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના મોટા માંડવડા ગામના રાજબેન વા/ઓફ ઉમેદભારથી ગોસ્વામી તેઓના માતાશ્રી જાનબાઈબેન ગજરાજપરી ગૌસ્વામીની મરણ તા.૦૧/૦૧/૧૯૯૦ ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૨/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટનાં સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

---

**-//એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//-**

અપીલ રજી.નં.૪૩/૨૦૨૪

**અરજદાર** :- શ્રી ભીખાભાઈ રામભાઈ માટીયા
રહે.નાના આંકડીયા રોડ, પ્રતાપપરા,
તા. જિ. અમરેલી.
અરજદારના વિ.વ. વકીલશ્રી સચીન જી. મહેતા

**-: વિરૂધ્ધ :-**

**સામાવાળા** :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી,
-વ-
તલાટી -કમ-મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી,
મુ.પ્રતાપપરા, તા.જિ.અમરેલી.

**::જાહેર નોટીસ::**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના પ્રતાપપરા ગામના ભીખાભાઈ રામભાઈ માટીયા તેઓના મોટા બા જેઠીબેન મેરાભાઈ માટીયાની મરણ (તા. ૨૧/૦૪/૨૦૧૭ ) રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા. ૨૯/૦૮/૨૦૨૪ ના રોજ મારી સહી તથા કોર્ટના સિકકા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી
એકિઝકયુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

# પોરબંદર નજીક અરબી સમુદ્રમાં ભારતીય કોસ્ટગાર્ડનું હેલિકોપ્ટર ક્રેશ

**બચાવ કામગીરીમાં એક ક્રુ મેમ્બરનો બચાવ, ત્રણ લાપત્તા**

પોરબંદર,તા.૦૩

ગુજરાતમાં પૂર સંબંધિત રાહત અને બચાવ કામગીરી કરતું ભારતીય કોસ્ટગાર્ડના હેલિકોપ્ટરનું અરબી સમુદ્રમાં ક્રેશ લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. આ દરમિયાન હેલિકોપ્ટરમાં સવાર ભારતીય કોસ્ટગાર્ડના બે પાઈલટ ગુમ છે. તેની સાથે રેસ્ક્યુ કરનાર એક ડાઈવર પણ મુસાફરી કરી રહ્યો હતો તેની પણ કોઈ જાણકારી મળી રહી નથી. મળતી માહિતી મુજબ, એક ક્રૂ મેમ્બરને બચાવી લેવામાં આવ્યો છે, પરંતુ બાકીના ત્રણ લોકો લાપતા છે. ઈન્ડિયન કોસ્ટગાર્ડનું (ICG) હેલિકોપ્ટર અરબી સમુદ્રમાં ઓઈલના ટેન્કર પર એક કર્મચારી ઈજાગ્રસ્ત હતો તેને રેસ્ક્યુ કરવા માટે જઈ રહ્યું હતું. ત્યારે આ દુર્ઘટના સર્જાઈ હતી. હેલિકોપ્ટરનું સોમવારે મોડી રાત્રે પોરબંદર નજીક દરિયામાં ક્રેશ લેન્ડિંગ થયું હતું.



જેમાં પાઈલટ સહિત ચાર લોકો સવાર હતા. ક્રેશ લેન્ડિંગ બાદ તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરતા ક્રુ મેમ્બરનો બચાવ થયો હતો, પરંતુ અન્ય ત્રણ લોકો હજુ લાપતા છે. જેની માહિતી ભારતીય કોસ્ટગાર્ડ દ્વારા ટ્વીટ કરીને આપવામાં આવી હતી. ગુજરાતમાં પૂર સંબંધિત ઓપરેશનમાં કોસ્ટગાર્ડે ૪ જહાજ અને બે એરક્રાફ્ટ તહેનાત કર્યા છે. જેની મદદથી અત્યાર સુધીમાં ભારતીય કોસ્ટગાર્ડના એડવાન્સ લાઈટ હેલિકોપ્ટરે ૬૭ લોકોના જીવ બચાવ્યા છે. કોસ્ટગાર્ડ દ્વારા જારી કરવામાં આવેલા નિવેદનમાં કહેવામાં આવ્યું હતું કે લગભગ ૧૧ વાગ્યે હેલિકોપ્ટર ધ્રુવનું ઈમર્જન્સી લેન્ડિંગ કરવું પડ્યું હતું. સર્ચ ઓપરેશન દરમિયાન હેલિકોપ્ટરનો કાટમાળ મળી આવ્યો છે. આ દુર્ઘટના ત્યારે થઈ જ્યારે હેલિકોપ્ટર એક જહાજ પાસે પહોંચવા જઈ રહ્યું હતું. કોસ્ટગાર્ડે હાલમાં સર્ચ ઓપરેશનમાં ૪ જહાજોને ઉતાર્યા છે. ઈમર્જન્સી લેન્ડિંગનું કારણ હજુ સુધી બહાર આવ્યું નથી. પ્રાથમિક તપાસ બાદ જ આ અંગે કોસ્ટગાર્ડ દ્વારા નિવેદન જારી કરી શકાશે.

# પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી પોતાના જન્મદિવસે ગુજરાતના પ્રવાસે આવશે

**મેટ્રો પ્રોજેક્ટ, સી.પી. કચેરી સહિતનું ઉદ્‌ઘાટન કરે તેવી સંભાવના**

અમદાવાદ,તા.૦૩

ગત ૪ જૂને લોકસભા ચૂંટણી પરિણામો જાહેર થયાં બાદ નરેન્દ્ર મોદીએ ૯ જૂન, ૨૦૨૪ના રોજ ત્રીજી વાર વડાપ્રધાન તરીકે શપથ લીધા હતા. ત્રીજી વાર વડાપ્રધાન બન્યા બાદ પીએમ મોદી પહેલી વાર અને હીરા બાના અવસાન બાદ પ્રથમવાર જન્મદિવસે ગુજરાતની



મુલાકાતે આવી રહ્યા છે. તેઓ ૧૬ અને ૧૭ સપ્ટેમ્બરના રોજ ગુજરાત આવશે. આમ તેઓ પોતાના જન્મદિવસે વતનમાં હશે. આ દરમિયાન તેઓ મેટ્રો પ્રોજેક્ટના બીજા તબક્કાનું લોકાર્પણ કરે એવી શક્યતા છે અને સાથે જ અમદાવાદની નવીનત્તમ CP કચેરીનું પણ ઉદ્‌ઘાટન કરશે. એની સાથે સાથે ગાંધીનગરમાં આવેલા મહાત્મા મંદિર ખાતે ગ્રીન એનર્જી સમિટની અધ્યક્ષતા પણ કરવાના છે. ત્યાર બાદ મેટ્રો રેલના બીજા તબક્કાનું પણ લોકાર્પણ કરવાની શક્યતા છે. તેઓ મોટેરાથી ગાંધીનગર સેક્ટર-૧ તથા ગિફ્ટ સિટી સુધીના મેટ્રો રૂટને લીલી ઝંડી આપી શકે છે. આમ, કુલ ૨૦.૮ કિમીના મેટ્રો રૂટમાં કુલ ૧૦ સ્ટેશન પર મેટ્રો દોડશે. જ્યારે PM મોદી તેમના જન્મદિવસે સેવા સેતુ કાર્યક્રમની જાહેરાત કરશે.

# અમરેલી જિલ્લામાં ફરી મેઘરાજાની શાહી સવારી, સા.કુંડલામાં એક, બગસરામાં સવા ઈંચ વરસાદ

**વરસાદને કારણે રસ્તાઓ પર પાણીની નદીઓ વહી, અન્ય તાલુકાઓમાં માત્ર ઝાપટા**

અમરેલી,તા.૩

હવામાન વિભાગની આગાહી વચ્ચે અમરેલીમાં ગઈકાલ મોડી સાંજથી ધીમીધારે વરસાદ શરૂ થયો હતો, જેમાં બગસરામાં સવા ઈંચ અને સાવરકુંડલામાં એક ઈંચ વરસાદ ખાબકયો



હતો. જયારે અન્ય તાલુકામાં હળવા ઝાપટા વરસ્યા હતા, આજે અમરેલીમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે, જેમાં છુટાછવાયા સ્થળોએ અતિ ભારે વરસાદ આગાહી કરવામાં આવી છે. અમરેલી જિલ્લામાં આજ સવારના ૬ વાગ્યાથી સાંજના ૬ વાગ્યા સુધીમાં બગસરામાં ૨૮ મિમી, સાવરકુંડલામાં ૨૫ મિમી, કુંકાવાવમાં ૪ મિમી, અમરેલીમાં ૨ મિમી, ધારીમાં ૪ મિમી, ખાંભામાં ૭ મિમી, રાજુલામાં ૬ મિમી વરસાદ નોંધાયો હતો. અમરેલી જિલ્લામાં વરસાદી માહોલ જામતા ધરતીપુત્રોમાં આનંદ છવાયો હતો. જિલ્લાના ૧૧ તાલુકાઓમાંથી ૯ તાલુકાઓમાં કયાંક ધોધમાર તો કયાંક હળવા ઝાપટા વરસ્યા હતા. વરસાદને કારણે રસ્તાઓ પર પાણી ભરાયા હતા. જેમાં ખાસ કરીને બગસરાના કુંકાવાવનાકા વિસ્તારમાં પાણીની નદીઓ વહેતી થઈ હતી.

# વડોદરામાં રાજકારણીઓ સામે પૂરગ્રસ્તોનો ભારે રોષ, વિસ્તારોમાં પ્રવેશબંધી ફરમાવી

(એ.આર.એલ),વડોદરા,તા.૩

વડોદરામાં પૂરની સ્થિતિ બાદ નાગરિકોમાં સ્થાનિક રાજકારણીઓ સામે વ્યાપક રોષ ફાટી નીકળ્યો છે. અકોટાના પુરુષોત્તમ નગરના લોકોએ ગેટ બહાર નેતાઓએ પ્રવેશવું નહીં તેવા બેનર લટકાવ્યા છે. પુરુષોત્તમ નગર સોસાયટીમાં વિશ્વામિત્રીનું ૪ ફૂટ પાણી ભરાયુ તે સમયે એક પણ નેતા સ્થાનિક રહીશોની મદદે નહિં આવતા લોકોમાં રોષ વ્યાપ્યો છે. પૂર બાદ અનેક વિસ્તારમાં નાગરિકોના રોષનો ભોગ સ્થાનિક રાજકારણીઓ બની રહ્યા છે. ત્યારે વધુ એક સોસાયટીમાં રાજકારણીઓનો વિરોધ દર્શાવતા બેનરો લગાવાયા છે. જો કે વડોદરામાં લોકોમાં રાજકારણીઓ સામે ફાટી નીકળેલા લોકરોષ અંગે વડોદરાના પ્રભારી પ્રધાન અને ગુજરાતના રાજ્યકક્ષાના ગૃહપ્રધાન હર્ષ સંઘવીને પુછવામાં આવતા તેમણે કહ્યું કે, લોકોને જેમના પર લાગણી હોય, વિશ્વાસ હોય, શ્રદ્ધા હોય તેમની સામે જ ગુસ્સો ઠાલવી શકે. એ એની ફરિયાદ એને જ કરી શકે. કોઈ વ્યક્તિ રોષ દર્શાવે તેને નેગેટિવ રીતે ના લઈ શકાય.

# અમરેલી જીઆઈડીસી વિસ્તારના રસ્તાને લઈ રહીશોનો ચક્કાજામ

**માર્ગ પર રામધૂન બોલાવવામાં આવતા વાહનોની કતારો લાગી, પોલીસ ઘટના સ્થળે પહોચી**

અમરેલી,તા.૦૩

અમરેલીમાં આવેલ જીઆઈડીસી વિસ્તારના વેપારીઓ ભુતકાળમાં લાઠી ફાટક પાસેથી વાહન ચલાવતા હતા જો કે આ જમીન માલિકીની હોવાથી જમીન માલિકે આ માર્ગ પર દિવાલ બનાવી લેતા જીઆઈડીસીના વાહનોને ભારે અસર પહોંચી હતી. જેથી વાહનો હનુમાનપરા વિસ્તારમાંથી ચાલતા હોવાથી રહીશોને અકસ્માતનો ભય લાગતો હતો આ બાબતે આવેદનપત્ર પણ પાઠવવામાં આવ્યું હતું. અમરેલી જીઆઈડીસીના વેપારીઓના વાહનો ભુતકાળમાં લાઠી રોડ પરથી ચાલતા હતા જો કે ત્યાં દિવાલ ચણાઈ જતા વાહનોને ફરજિયાત હનુમાનપરા પાઠક



સ્કૂલ થઈને બાયપાસ ચાલવુ પડતુ હતું. આ માર્ગ પર રહેણાક વિસ્તાર અને શાળાઓ આવેલી હોવાથી લોકોમાં અકસ્માતનો ભય ફેલાયો હતો. જેથી આજરોજ વાહનો ચાલી શકે તે માટે ફરીથી લાઠી ફાટક પાસેની દિવાલ તોડી નાખવામાં આવી હતી. દિવાલ પાડી નખાયા બાદ જમીન માલિકે પોતાની માલિકીની જમીનમાં મોટી ગટરનું ખોદકામ કર્યુ છે અને રહીશોએ માર્ગ પર બેસી રામધૂન બોલાવી હતી જેથી ટ્રાફિક જામના દશ્યો સર્જાયા હતા. આ ઘટનાની જાણ થતા અમરેલી પોલીસ પણ ઘટના સ્થળે દોડી ગઈ હતી. જો કે રહીશો દ્વારા જયાં સુધી સમસ્યાનું નિરાકરણ નહી આવે ત્યાં સુધી રસ્તા રોકો આંદોલન કરવામાં આવશે તેવી ચીમકી ઉચ્ચારવામાં આવી હતી.

# ૯ વર્ષ પહેલા પોલીસ સેવામાંથી રાજીનામુ આપનાર ગોપાલ ઈટાલિયાને બઢતી મળી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૩

આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા ફરી એકવાર ચર્ચા લઈને આવ્યા છે. ગોપાલ ઈટાલિયાએ ગૃહ મંત્રાલયના ગંભીર છબરડા પર સવાલો કર્યા છે. એક સમયે ગુજરાત પોલીસમાંથી રાજીનામું આપી ચૂકેલા ગોપાલ ઈટાલિયાને ગુજરાત પોલીસે પ્રમોશન આપ્યું છે. આ સાથે જ તેમણે પ્રમોશનના લિસ્ટમાં પોતાના



નામ સાથેની ટ્વિટ કરી છે. આમ આદમી પાર્ટીના નેતા ગોપાલ ઈટાલિયા એક સમયે ગુજરાત પોલીસમાં ફરજ બજાવતા હતા. તેમણે ૨૦૧૫ ના વર્ષમાં પોલીસ વિભાગમાંથી રાજીનામું આપ્યું હતું. જોકે, રાજીનામું આપ્યા છતાં ગોપાલ ઈટાલિયાને વર્ષ ૨૦૨૪માં કોન્સ્ટેબલથી હેડકોન્સ્ટેબલનું પ્રમોશન આપવામાં આવ્યું છે. પ્રમોશન લિસ્ટમાં ક્રમ નંબર-૭૨૬ પર ગોપાલ ઈટાલિયાને હેડકોન્સ્ટેબલનું પ્રમોશન આપવામાં આવ્યું છે. ત્યારે ગોપાલ ઈટાલિયાની એક ટ્વિટથી સોશિયલ મીડિયા પર ચર્ચા શરૂ થઈ છે. ગોપાલ ઈટાલિયા એ જ છે જે ભૂતકાળમાં ગુજરાતના ગૃહમંત્રી પર ચંપલ ફેંકીને ચર્ચામાં આવ્યા હતા. જેઓએ આપ જોઈન કરીને સરકાર વિરોધમાં મોરચો ખોલ્યો હતો. ગોપાલ ઈટાલિયા આપના પૂર્વ પ્રદેશ પ્રમુખ છે. સુરતમાંથી આપની ટિકિટ પર ચૂંટણી લડી ધારાસભ્ય બનવાનો પ્રયાસ કર્યો હતો પણ એમની હાર થઈ હતી.

# રાજય સરકારનો નિર્ણય : હવે સસ્તા અનાજના દુકાનદારો ગમે ત્યારે દુકાન બંધ રાખી શકશે નહી

ગાંધીનગર,તા.૩

ગુજરાતમાં ૭૨ લાખ નેશનલ ફૂડ સેફ્ટી એક્ટના કાર્ડ ધારકો છે, જેઓ રાજ્ય સરકારનાં સસ્તા અનાજનો લાભ મેળવે છે. જોકે, ઘણીવાર સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ ચોરી અને ગેરરીતિ જેવી ઘટનાઓ સામે આવે છે, જેને અટકાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્ય



સરકારના આ નિર્ણયમાં હવે ફક્ત લાયસન્સ ધરાવતા દુકાનદારો જ સસ્તા અનાજની દુકાન ચલાવી શકશે.

રાજ્ય સરકારના નિર્ણયમાં દુકાનદારોની મનમાની પર લગામ લગાવવામાં આવી છે. જેથી, દુકાનદારો ગમે ત્યારે રજા રાખી શકશે નહીં. હવે દરેક દુકાનદારોની બાયોમેટ્રિક સિસ્ટમ દ્વારા હાજરી લેવામાં આવશે. જેના માટે તમામ દુકાનોમાં સરકાર ટૂંક સમયમાં બાયોમેટ્રિક મશીન લગાવશે. આ સાથે જ હવે દુકાનદારો ગમે ત્યારે રજા પાડી શકશે નહીં. દુકાનદારોને દુકાન બંધ રાખવા માટે મામલતદાર પાસેથી રજાની મંજૂરી લેવી પડશે.




# દક્ષિણ ગુજરાતમાં રેડ એલર્ટ : સૌરાષ્ટ્ર-કચ્છમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય

અમદાવાદ,તા.૦૩

હવામાન વિભાગ દ્વારા ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી કરવામાં આવી છે. તેમાં પણ આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર, મધ્ય અને દક્ષિણ ગુજરાત માટે ભારે વરસાદની સંભાવના છે. હાલમાં ગુજરાત ઉપર એક સાથે ચાર-ચાર વરસાદી સિસ્ટમ સક્રિય થઈ છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં આજે અત્યંત ભારે વરસાદની આગાહી સાથે રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જેમાં દક્ષિણ ગુજરાતના ભરૂચ, સુરત, તાપી, નવસારી, વલસાડ અને કેન્દ્ર શાસિત પ્રદેશ દમણ અને દાદરા નગર હવેલીનો સમાવેશ થાય છે. ગુજરાત રાજ્યમાં હાલમાં ચાર સિસ્ટમ સક્રિય છે. જેમાં ગઈકાલ સુધી જે દક્ષિણ ગુજરાતથી ઉત્તર કેરળ સુધી ઓફ શોર ટ્રફ સક્રિય હતો, તે આજે નિષ્ક્રિય થયો છે. તેમ છતાં આજે ગુજરાત ઉપર ચાર સિસ્ટમનો ખતરો રહેશે. જેમાં રાજ્યના ૨૦ ડિગ્રી ઉત્તરમાં શિયર ઝોન સક્રિય છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર અને કચ્છના ભાગો ઉપર એક સાયક્લોનિક સર્ક્યુલેશન સક્રિય થયું છે.

**ડેરી પીપરીયા ચોકડી પાસે અજાણ્યા વાહનની અડફેટે**

# બગસરા ડાયમંડ એસો.ના પ્રમુખનું અકસ્માતમાં ઘટના સ્થળે મૃત્યુ

બગસરા, તા.૦૩

બગસરામાં હિરાનું કામ કરતા અને ડાયમંડ એસોસિએશનનાં પ્રમુખ રિતેશભાઈ બાબરીયાનું હડાળા અને ડેરી પીપરીયા ચોકડી પાસે અજાણ્યા વાહનની અડફેટે આવતા ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું.

આ બનાવની વિગતો જોઈએ તો રિતેશભાઈ બાબરીયા બગસરાથી પોતાના ગામ જૂના વાઘણીયા જઈ રહ્યા હતા ત્યારે



રસ્તામાં અજાણ્યા વાહન ચાલકે તેમને અડફેટે લીધા હતા. જયાં તેમનું ઘટના સ્થળે જ મૃત્યુ થયું હતું. અકસ્માત કર્યા બાદ વાહન ચાલક ફરાર થઈ ગયો હતો. રિતેશભાઈના પરિવારમાં એક દિકરો અને એક દિકરી છે. સમગ્ર પરિવારની જવાબદારી તેમના શિરે જ હતી. આ અકસ્માતમાં આશાસ્પદ યુવાનનું મોત થતાં જ નાના એવા ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.